नमो चउविसाए तित्थयराणं उसभाइ महावीर पज्जवसाणाणं

# જૈન શાસન

## અઠવાડિક

### શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

*શ્રી પર્યુષણા સમાન કોઈ જ પર્વ નથી.*

मन्त्रणां परमेष्ठिमन्त्र महिमा तीर्थेषु शत्रुञ्जयो,
दाने प्राणिदया गुणेषु विनयो ब्रह्मव्रतेषु व्रतम् ।
संतोषो नियमे तपस्सु शमस्तत्वेषु सद्दर्शनं,
सर्वज्ञोदित सर्वपर्वसु परं स्या द्वार्षिकं पर्व च ॥
(શ્રી ઉપદેશ તરંગિણી)

મંત્રોમાં શ્રી નવકાર મહામંત્ર, તીર્થોમાં શ્રી શંત્રુજય તીર્થ, દાનોમાં અભયદાન, ગુણોમાં વિનય, વ્રતોમાં બ્રહ્મચર્યવ્રત, નિયમોમાં સંતોષ, તપોમાં શમ, તત્ત્વોમાં સમ્યગ્દર્શનનો જેવો મહિમા છે તેવો જ શ્રી જિનેશ્વરદેવોએ કહેલા સર્વપર્વોમાં વાર્ષિક પર્વ-સંવત્સરી મહા પર્વનો મહિમા છે.


## શ્રી જૈન શાસન કાર્યાલય

શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર.
(સૌરાષ્ટ્ર) INDIA. PIN - 361 005
PHONE : (0288) 770963

વર્ષ ૧૭ અંક ૧૫




ACHARYA SRI KAILASSAGARSURI GYANMANDIR
SRI MAHAVIR JAIN ARADHANA KENDRA
Koba, Gandhinagar-382 009.
Phone : (079) 23276252, 23276204-05

# 'સુશીલ સંદેશ'

## કરૂણા નિધાન ભગવાન મહાવીર – હપ્તો–૩૨.

ક્રોધમાં આગ બબુલો થયેલ ગોંશાલે મહાવીર ઉપર તેજોલેશ્યા છોડી, આગની લપેટ ભગવાનની ચારો તરફ ફરવા લાગી.




અને આકાશમાં ઉંચી ઉછળી.




ભગવાનના દિવ્ય અતિશયના પ્રભાવથી તેજોલેશ્યા પરાસ્ત થઈ ગઈ અને પાછી ગૌશાલકના શરીરમાં પ્રવેશ કરી ગઈ.




ગૌશાલકના શરીર ઉપરથી બળી ગયું. તે પીડાથી કરાહતો-રોતો-ચીખતો ત્યાંથી ચાલ્યો ગયો.



સાત દિવસ પછી તેમની મૃત્યુ થઈ ગઈ. ૨૦૯

आज्ञाराद्धा विराद्धा च. शिवाय च भवाय च
હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

# જૈન શાસન
(અઠવાડીક)

Received 24/02/05
1065

તંત્રીઓ :
ભરત સુદર્શનભાઈ મહેતા (રાજકોટ)
હેમન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
પાનાચંદ પદમશી ગુઢકા (થાનગઢ)

વર્ષ : ૧૭ ) * સંવત ૨૦૬૧ મહા સુદ - ૧૪ * મંગળવાર, તા. ૨૨-૨-૨૦૦૫ (અંક : ૧૫

## પ્રવચન
## બોત્તેરમું
### પ્રકીર્ણક ધર્મોપદેશ

સં ૨૦૪૪, કારતક સુદિ-૯/૧૦, શનિવાર, તા. ૩૧-૧૦-૧૯૮૭
શ્રીપાલનગર, મુંબઈ - ૪૦૦ ૦૦૬.

પૂ.આ. શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

(શ્રી જિનાજ્ઞા કે સ્વ. પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરુદ્ધ કાંઈપણ લખાયું હોય તો ત્રિવિધે ક્ષમાપના -અવ.)

कृमयो भस्म विष्ट वा, निष्ठा यस्येयमी दृशम् ।
स कायः परपीडाभिः, पोष्यतामिति को नयः ॥

*(ગયા અંકથી ચાલુ)*

સમ્યક્ત્વ કે જૈનપણું એક છે. સમ્યક્ત્વ ક્યારે આવે? દુઃખ કોઈપણ આપે ? નારકીને પરમાધામીઓ એવા દુઃખ આપે છે જેનું વર્ણન ન થાય. છતાંય ત્યાં રહેલો સમકિતી આત્મા વિચારે કે, મેં પાપ કર્યા તેનું આ ફળ છે. તેને પરમાધામી ઉપર ગુસ્સો નથી આવતો. જે બીચારા પરમાધામીને ગાળ દે છે તે વધારે માર ખાય છે. ખરાબથી છૂટવું હોય તો તે કહે તે કરો તો છૂટકારો થઈ જાય? મારું આને તેને બગાડયું તેમ કહેનાર તો કાલે અમને ય કલંક દે, તેમાં નવાઈ છે? 'મારું બગાડનાર પાપ ન હોય તો કોઈ બગાડે જ નહિ' - આવી શ્રદ્ધા ન હોય તેના જૈનપણામાં શંકા ! મારું બગાડયું તો મારા પાપે જ. દુર્બુદ્ધિ કરી તેને બગાડયું માટે ખરો અપરાધી હું છું બીજો નહિ તેમ તે માને.

**પ્રશ્ન :- પોતાનો દોષ જોઈ બેસી રહે તે 'બાયલા' કહેવાય.**

ઉ. : આ રીતના કોઈ બાયલા કહે તો જૈનને આનંદ આવવો જોઈએ. મારા દુઃશ્મનનું પણ ભૂંડું કરવામાં હું બાયલો છું. મારી તાકાત હોય તો દુશ્મનનું ભલું કર્યા વિના રહું નહિ.

જૈન કોઈનું દુઃખ જોયા કરે? કોઈ ભુખ્યો મરતો હોય તો તે મજેથી ખાતો હોય તે બને? **જૈન એટલે દુશ્મનનું પણ ભલું કરનારો, કોઈને દુશ્મન માનનારો નહિ. માત્ર કર્મને જ દુશ્મન માને.** કોઈએ ખરાબ કર્યું તે મારા પાપના યોગે તેની બુદ્ધિ બગાડી અને મારું બગાડયું તેમ તે માને. આ બધી ઉપાધિ આ કર્મની છે, તે કર્મ, આપણે આ શરીર જે મોટામાં મોટી જેલ છે, તેના પ્રેમી બન્યા છીએ તેથી બંધાયા કરે છે. આ શરીર રહે ત્યાં સુધી મોક્ષ મળે નહિ.

કોણ જન્મે? મહાપાપનો ઉદય જીવતો હોય તે. મોહનીય કર્મ જેનું મરી ગયું તેને જન્મ લેવો પડે? જન્મ સારો કે મરણ?

પ્ર. : મરણ સારું કહેવાતું હશે?

ઉ. : રોજ 'સમાહિમરણ' માગો છો ને?

આ કર્મ જ અસમાધિ કરાવે છે. તે ન કરાવે તેવી રીતે મરે તેને સમાધિમરણ મળે. જૈન તો કર્મને જ

શત્રુ માને, બીજા કોઈને દુશ્મન ન માને. જ્ઞાનિઓ જે સમજાવે છે તે સમજવાની મહેનત કરવી જોઈએ. તો જૈનપણું આવે. જૈન તો સો ગાળ ખાય પણ એક ગાળ ન દે. ગાળની સામે ગાળ દે તે ડાહ્યો કે ગાળ ખમી ખાય તે ડાહ્યો? અજ્ઞાન ગમે તેમ કહે તો તેના ઉપર ગુસ્સો કરાય? અને આપણામાં ખામી હોય તો તે બતાવનાર તો ઉપકારી લાગવો જોઈએ ને ? આ કર્મ વળગેલા છે માટે સંસારમાં છીએ, તે કર્મ જ ભૂંડું કરનારા છે. તે સમજાય તો જ સંસાર ભૂંડો લાગે. અને મોક્ષ સારો લાગે. તમારો સ્વભાવ સુધરી જાય; કોઈ ગમે તેમ સંભળાવે તે સાંભળી લો તો ઘણા ગુણ સંપન્ન બની જાવ.

મહાત્માઓ પ્રાણનાશ થાય તેવા ઉપસર્ગો સહન કરે છે. તમે એક શબ્દ સહન ન કરો તો તે કર્મને સમજેલા કહેવાય? 'જેવા લોક થાય તેવા થઈએ' તો આપણે ય તેવા થવું છે? લોક તો પાપી જ હોય તો આપણે પાપી થવું છે? જૈન જો ખરેખર જૈન હોય તો પોતાને સુધારી લે. તેના દુશ્મન પણ તેના મિત્ર બની જાય. **જૈન એટલે ઊંચામાં ઊંચો સમજદાર માણસ! જૈન સાધુ એટલે સમજનો અમલ કરનાર આત્મા !** એવો જ આત્મા નિર્મલ થઈ કેવલજ્ઞાન પામી મોક્ષે જાય. ભૂલ બતાવનાર તો અમને ય ગમે. અમારી ભૂલ બતાવે તેને જો અમે કહીએ કે, ' તને વળી ભૂલ કાઢવાનો અધિકાર શું છે? ગુરુના છિદ્રો જુએ છે.' તો અમે પણ કર્મના ગુલામ છીએ. કર્મની ગુલામીમાંથી મુક્ત થવા માટે આ શરીર ઉપરનો, ધન ઉપરનો અને કુટુંબ ઉપરનો મોહ ઉતારવાનો છે. જે આવો મોહ ઉતારવા પ્રયત્ન કરે તેનું નામ ધર્મી. **ધર્મીને મોહનો ભય હોય પણ દુઃખનો ભય હોય નહિ.** ધર્મમાં અંતરાય કરનાર કર્મ છે. તેને સમજે તે ડાહ્યો બને. શ્રી તીર્થંકર પરમાત્મા બનવાની ઈચ્છા સારી. પણ સમોસરણમાં બેસવાની ઈચ્છા કરે તે શ્રી તીર્થંકર થાય? કર્મે આપેલી સારો ચીજ પણ ઈચ્છવા જેવી નથી તે છાતીમાં લખાઈ ગયું છે?

પ્ર. શ્રી તીર્થંકર કોણ થાય?

ઉ. 'સવિ જીવ કરું શાસનરસી' આવી ઉત્કૃષ્ટ ભાવદયા આવે તે. બીજા જે.. તે નહિ. **શાસનરસી એટલે દુન્યવી સુખ માત્રને ભૂંડામાં ભૂંડું માનનારો અને પાપના ઉદયે આવતાં દુઃખોને વધાવી લેનારો અને કર્મ જે પાપ કરવા કહે તેનો નિષેધ કરનારો.**

આત્માનું કલ્યાણ કરવું હોય તો ધર્મ જે જે કરવાનું કહે તે નહિ કરવાનું અને ભગવાનનો ધર્મ જે જે કરવાનું કહે તે મજેથી કરવાનું. આવું આવું અકાર્ય-ખરાબ કરવાનું મન થાય તો નહિ જ કરવાનું. સારું કરવાનું મન થાય તે ઉલ્લાસથી કરવાનું અને કદાચ તેવું મન ન થાય તો પણ સારું કરવાનું ચાલુ રાખવ નું. જેમ ઉપકારીનું તો ભલું કરવાનું છે તેમ અપકારીનું ભૂંડું કરવાની રજા નથી. અપકારીનું પણ ભલું કરવાનું છે. આવું મન થશે તો કર્મ જશે.

આ શરીર વધારેમાં વધારે પાપ કરાવનાર છે. તેના ઉપરની મમતા છોડવી જોઈએ. ઈન્દ્રિયો માગે તે અપાય નહિ. પાંચે ઈન્દ્રિયો આપણને આધીન કે આપણે તેને આધીન? ઈન્દ્રિયોને આપણે, આપણી ગુલામ બનાવવી છે, તેની પાસે આપણું કામ કરાવવાનું છે. આજના જૈનોએ તો બધી બાબતમાં દાટ વાળ્યો છે, દેવાળું કાઢ્યું છે. કર્મને બરાબર સમજી જાવ. **કર્મ તે જ શત્રુ! ધર્મ જ સાચો મિત્ર!** ધર્મ માટે બધું કરાય, કર્મ માટે કશું ન કરાય. આ રીતના કર્મને ઓળખી, કર્મને શત્રુ માનતા થાવ તો કલ્યાણ થશે. ધર્મની આરાધના સાચી થશે. વિશેષ હવે અવસરે.

**ઉલટ - પુલટ જવાબ પાના નં. ૩૨૬ ઉપરનો**

| | |
|---|---|
| (૧) સેવામૂર્તિનંદિષેણ | (૨) શ્રીવજ્રસ્વામી |
| (૩) પુંડરિક-કંડરિક | (૪) વિમલનાથ, |
| (૫) કાલ શૈરીક કસાય | (૬) શ્રી સિમંધર |
| (૭) અઢાર પાપસ્થાનક | (૮) જ્ઞાન પંચમી |
| (૯) અરિહંત પરમાત્મા | (૧૦) વિમલેશ્વર |

# આઠ પ્રકારની ગણિ સંપદ (હપ્તો - ૨)

(શ્રી દશાશ્રુતસ્કન્ધ સૂત્ર, અધ્યયન - ૪)

**(૭) પ્રયોગ સંપદાના ચાર ભેદ :-**

**(I) આત્માને જાણીને વાદનો પ્રયોગ કરે :-** વાદ કરતાં પૂર્વે હું પોતે નય- નિક્ષેપ- પ્રમાણાદિના જ્ઞાનમાં નિપુણ છું કે નહિ, વાદ કરવા સમર્થ છું કે અસમર્થ તે જાણી પછી વાદ કરવા તૈયાર થાય.

**(II) પર્ષદાને જાણીને વાદનો પ્રયોગ કરે :-** આ સભા જાણકાર છે કે અજ્ઞાન છે, અણઘડ છે કે અમુક અમુક દર્શનોથી જેમ કે બૌદ્ધ, સાંખ્ય, મીમાંસકાદિથી- ભાવિત છે. નિષ્પક્ષ છે કે પક્ષપાતવાળી છે તેમ જાણ્યા પછી વાદ કરે.

**(III) ક્ષેત્રને જાણીને વાદ કરેઃ-** આ ક્ષેત્રમાં રહેનારા લોકો આર્ય છે કે અનાર્ય, સુલભબોધિ છે કે દુર્લભબોધિ, ધર્મની રૂચિવાળા છે કે નહિં- તેમ જાણ્યા પછી વાદ કરે.

**(IV) વસ્તુ- વિષયને જાણ્યા પછી વાદ કરે :-** વાદનો વિષય સહેલો છે કે કઠીન, દ્રવ્યાનુયોગ આદિ રૂપ છે કે પૂણ્ય- પાપ નિરૂપણ રૂપ છે- આમ જાણી પછી વાદ કરે.

પોતાની શકિત, સભા, ક્ષેત્ર અને વિષયને જાણ્યા પછી વાદ કરવાથી સફળતા મળે.

**(૮) સંગ્રહપરિજ્ઞા સંપદાના ચાર ભેદઃ-**

**(I) ક્ષેત્ર પ્રતિલેખના રૂપઃ** વર્ષા કાલને યોગ્ય ગામ કે નગર આદિની શાસ્ત્રીય મર્યાદા પ્રમાણે ગવેષણ કરવી તે પહેલી ક્ષેત્ર પ્રતિલેખના રૂપ સંગ્રહપરિજ્ઞા સંપદા છે.

**(II) પીઠ ફલકાદિ રૂપઃ** પોતાના પરિવાર પ્રમાણે પીઠ ફલક, શૈય્યા, અર્થાત્ પાટ-પાટલા, તૃણ આદિને શાસ્ત્રીય વિધિ પ્રમાણે ગ્રહણ કરવા તે પીઠ ફલકાદિ સંગ્રહ રૂપ બીજી સંગ્રહપરિતા સંપદા છે.

**(III) કાલ સન્માન રૂપઃ** તે તે કાલે કરવા યોગ્ય કાર્યો જેમ કે પ્રતિક્રમણ, પડિલેહણ, સ્વાધ્યાય, ધ્યાન, ભીક્ષા ચર્યાદિનું તે તે કાળે કરવું તે કાલ સન્માન રૂપ ત્રીજી સંગ્રહ પરિજ્ઞા સંપદા છે.

**(IV) યથા ગુરુ સન્માન રૂપઃ** પર્યાય જયેષ્ઠ મુનિઓનો વંદન વ્યવહાર આદિથી સંમાન કરવાવાળા થવું તે યથા ગુરુ સન્માન રૂપ ચોથી સંગ્રહ પરિજ્ઞા સંપદા છે.

❖ ❖ ❖

પાંચે આચારનું સ્વયં પાલન કરનાર અને યોગ્ય અને અર્થી જીવોની પાસે તેનું પાલન કરાવનાર ગણિ એવા આચાર્ય ચાર પ્રકારની વિનય પ્રતિપત્તિ દ્વારા શિષ્યને વિનયશીલ બનાવીને 'ઋણ મુકત' ગચ્છનો ભાર વહન કરવામાં સમર્થ બનાવી પોતાના કર્ત્તવ્યનું પાલન કરવાવાળા થાય છે. આત્મા ઉપર રહેલાં આઠે પ્રકારનાં કર્મોને દૂર કરનાર જે વિનય છે તે ચાર પ્રકારનો છે.

**(૧) આચાર વિનયઃ** જ્ઞાનાદિ પાંચે પ્રકારના આચાર જે મોક્ષને પમાડવા સમર્થ છે તે શીખવવા માટે આચાર વિનય.

**(૨) શ્રુત વિનયઃ** આગમનો અભ્યાસ કરાવવો તે શ્રુત વિનય.

**(૩) વિક્ષેપણા વિનયઃ** જીવને મિથ્યાત્વાદિ દોષોથી બચાવી સમ્યકત્વાદિ ગુણોને પમાડવા તે વિક્ષેપણા વિનય.

**(૪) દોષનિર્ઘાતન વિનયઃ** મિથ્યાત્વ, અવિરતિ, કષાય, પ્રમાદ આદિ દોષોનો વિનાશ કરવાવાળો વિનય દોષનિર્ઘાતન વિનય કહેવાય છે.

**(૧) આચાર વિનયના ચાર ભેદઃ**

**(I) સંયમ સામાચારી :** સઘળાય સાવદ્ય વ્યાપારોથી રહિત થવું તે સંયમ છે. સત્તર પ્રકારના સંયમનું યથાર્થ પાલન કરવું તેનું નામ પણ સંયમ છે.

સામાચારી એટલે આચાર્ય સ્વયં સર્વોત્કૃષ્ટ સંયમ પાળે છે અને બીજા પાસે પળાવે છે. જે સંયમમાં સીદાય છે, પરીષહ- ઉપસર્ગ આવતાં ખિન્ન થાય છે, કલેશ પામે છે, તેને સ્થિર કરે છે અને સંયમમાં ઉત્સાહિત બનાવી આગળ વધારે છે તેનું નામ સંયમ સામાચારી છે.

સામાચારીનો આ અર્થ આગળ પણ સમજી લેવો.

**(II) તપ સામાચારીઃ** આઠે પ્રકારના કર્મનો નાશ કરવાવાળા અનશન આદિ બાર પ્રકારનો તપ, તેનું આચરણ તે તપ સામાચારી કહેવાય છે.

**(III) ગણ સામાચારીઃ** એક જ વાચના અને આચારક્રિયામાં રહેનાર સાધુ સમુદાયને 'ગણ' કહેવાય છે તેની જે સામાચારી પ્રતિલેખન આદિ ક્રિયાઓમાં તથા બાલ-ગ્લાન આદિની વૈયાવચ્ચમાં સીદાતા મુનિને મધુર વચનાદિથી પ્રેરણા કરી સેવા- ભકિતમાં જોડવા અને પોતે પણ તેના માટે ધ્યાન રાખવું તે ગણ સામાચારી છે.

**(IV) એકાકિ વિહાર સામાચારી :** પોતાનું સામર્થ્ય ફોરવી ગુર્વાદિની અનુજ્ઞાથી શાસ્ત્રાજ્ઞા પ્રમાણે એકલા વિચરવું તેનું નામ એકાકિ વિહાર સામાચારી છે.

**(૨) શ્રુત વિનયના ચાર ભેદઃ-**

**(I) સૂત્રં વાચયતિ :** અગીયાર અંગ, બાર ઉપાંગ યોગ્ય અને વિનિત શિષ્યને ભણાવે.

**(II) અર્થ વાચયતિ :** તે તે સૂત્રોના અર્થ શિષ્યને ભણાવે.

**(III) હિતં વાચયતિ :** શાસ્ત્રીય વિધિ પ્રમાણે શિષ્યની પરિણતિ આદિની પરીક્ષા કરી, તેને હિતકર તેવું ભણાવે. નહિં તો કાચા ઘડામાં ભરેલું પાણી જેમ ઘડાનો અને પાણીનો વિનાશ કરે છે તેમ અયોગ્ય શિષ્યને આપેલું શ્રુત તેનો અને શ્રુતનો નાશ કરનારૂં બને છે.

**(IV) નિઃશેષં વાચયતિ :** શિષ્યની બુદ્ધિની પ્રાગલ્ભત્તા જાણી, નય, નિક્ષેપ અને પ્રમાણથી યુક્ત સૂત્ર શિષ્યને શીખવે.

**(૩) વિક્ષેપણા વિનયના ચાર ભેદઃ**

**(I) અદષ્ટધર્મં દષ્ટપૂર્વકતયા વિનેતા ભવતિઃ-** મિથ્યાત્વમાં પડેલાને ત્યાંથી ખસેડી સમ્યક્ત્વ પમાડવું.

**(II) દષ્ટપૂર્વં સાધર્મિકતયા વિનેતા ભવતિ-** પહેલાં જે ધર્મમાં પ્રવૃત્ત હોવાથી પરિચિત જે હોય તે દષ્ટપૂર્વ કહેવાય છે. તેને સાધર્મિક સમજી શીખવવું અર્થાત્ સમ્યકત્વી જીવને ગૃહસ્થાપણામાંથી ખસેડી સંયમી બનાવવો.

**(III) ધર્માત્ ચ્યુતં ધર્મે સ્થાપયિતા ભવતિ** - જે તે ધર્મથી પતન પામેલાને ફરીથી તે તે ધર્મમાં સ્થિર કરવા. જેમ કે સમ્યક્ત્વથી કે ચારિત્રધર્મથી પતિત થયેલાને ફરીથી સમ્યક્ત્વ કે ચારિત્રમાં સ્થિર કરવા.

**(IV) તસ્યૈવ ધર્મસ્ય હિતાય સુખાય ક્ષમાય નિઃશ્રેયસાય આનુગામિકતયા અભ્યુત્થાતા ભવતિ-** આ લોક અને પરલોકમાં પોતાના આત્માના હિતને માટે, આત્મિક સુખને માટે, પ્રયોજન સિદ્ધિને માટે અને આત્માની મુક્તિને માટે તે શ્રુત ચારિત્રરૂપ ધર્મના અનુયાયી થઈને આરાધક થવું. અર્થાત્ આત્માના હિત આદિને માટે આત્માના દોષોથી દૂર થવું અને આત્મિક ગુણોની સંમુખ બની, ચારિત્રધર્મની નિર્મલતા થાય તેવો પ્રયત્ન કરવો.

**(૪) દોષ નિર્ઘાતન વિનયના ચાર ભેદઃ-**

**(I) કુદ્ધસ્ય ક્રોધં વિનેતા ભવતિ** - વિનયી એવા પણ શિષ્યને પણ નિમિત્તથી ક્રોધ થઈ જાય તો તેના ક્રોધની મૃદુ વચનાદિથી શાંતિ કરવી. ક્રોધનો પરિત્યાગ જેનાથી થાય એવો આચાર શિખવવાવાળા થવું

**(II) દુષ્ટસ્ય દોષં નિગ્રહીતા ભવતિ** - વિષય-કષાયના પરિણામથી દૂષિત, જાતિ આદિના મદથી ઉન્મત્ત બનેલો જે દુષ્ટ તેને દુષ્પરિણામરૂપ દોષથી થવાવાળી નરક- નિગોદાદિ દુર્ગતિના વિપાક બતાવી તે દોષોને દૂર કરવાવાળા થવું.

**(III) કાંક્ષિતસ્ય કાંક્ષા છેત્તા ભવતિ** - અન્ય મતનો પ્રભાવ દેખીને, તેની જેને ઈચ્છા થાય તે કાંક્ષિત કહેવાય. તો તેને યોગ્ય ઉપદેશ આપી તેની તે કાંક્ષા- અભિલાષાને રોકવી. કાળના પ્રભાવે જૈનમતનો પ્રભાવ કદાચ ઓછો દેખાય તો પણ સૂર્ય આગળ આગિયાની જેમ જૈનમત જ સર્વશ્રેષ્ઠ છે તેવા ભાવનું સમજાવી તેની કાંક્ષાને દૂર કરવી.

**(IV) આત્મ સુપ્રણિહિત-** પૂર્વોકત દોષોના પરિહારથી સમાહિત ચિત્તવાળા, ખેદથી રહિત, અવિચલિત શ્રદ્ધાવાળા અને ઉત્તમ જ્ઞાનવાળા થવું. આત્મિક ગુણોમાં આનંદ પામવો.

આવા ગણિ- આચાર્ય પ્રત્યે, શિષ્યની વિનયપ્રતિપત્તિ ગુરુભકિત ભેદ-પ્રભેદે બતાવે છે.

*(ક્રમશઃ)*

# 'સર્ચલાઇટ'

પ્રવચનકાર - પૂ.આ.શ્રી. વિજય ચન્દ્રગુપ્ત સૂરીશ્વરજી મ. ૨૦૬૦, ભા.વ. પ્ર-૯ લાલબાગ, મુંબઈ

**(વિ.સં. ૨૦૬૦ના શેઠ મોતીશા લાલબાગ જૈન ઉપાશ્રયમાં ચાતુર્માસ દરમ્યાન આયોજિત 'વાચનાશ્રેણી' દરમ્યાન, વર્તમાનમાં ચાલતા 'ગુરુમૂર્તિ' અને 'ગુરુમૂર્તિ ભરાવવાની કે પ્રતિષ્ઠાદિની આવક'ના વિવાદ અંગે પૂછાયેલ પ્રશ્નોના જવાબમાં તે અંગેની સ્પષ્ટ અને સચોટ સમજણ ન્યાય વ્યાકરણ વિશારદ, તાર્કિક માર્તંડ પ.પૂ.આ. શ્રી વિ. ચન્દ્રગુપ્ત સૂરીશ્વરજી મહારાજાએ જાહેર સભામાં જે આપેલ, તેનું સારભૂત અવતરણ વાચકોની જાણ માટે આપવામાં આવે છે. સભામાંથી પૂછાયેલ પ્રશ્નોના જવાબરૂપે જ પૂજ્યશ્રીએ સ્પષ્ટતા કરેલી, તે ધ્યાનમાં રહે.**

**'ગુરુદ્રવ્ય એ દેવદ્રવ્ય જ છે' તે સિદ્ધાંતને આત્મસાત્ કરી સન્માર્ગના સાચા આરાધક અને રક્ષક બની સૌ આત્મકલ્યાણને સાધો તે જ ભાવના. -સં.)**

અનન્તોપકારી શ્રી અરહિન્ત પરમાત્માના પરમતારક શાસનના પરમાર્થને પામેલા શાસ્ત્રકાર પરમર્ષિ શ્રી હરિભદ્ર સૂરીશ્વરજી મહારાજે શ્રી દશવૈકાલિક સૂત્રના છઠ્ઠા અધ્યનની ચોથી ગાથાની ટીકામાં જે નિક્ષેપાની વાત કરી છે તે આપણે સમજી લેવી છે. ધર્મ, અર્થ અને કામના નિક્ષેપા અહીં સમજાવ્યા છે. સામાન્યથી દરેક પદાર્થના નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ: આ ચાર નિક્ષેપા હોય છે. વસ્તુનું નામ તે નામ નિક્ષેપો. ભાવભૂત વસ્તુને સમજાવવા માટે કે ઓળખાવવા માટે જે કરાય તેને સ્થાપના કહેવાય. જે વસ્તુનું કારણ હોય અથવા તો કારણ બની ચૂકયું હોય તેને દ્રવ્ય નિક્ષેપો કહેવાય. અને વસ્તુ પોતે ભાવનિક્ષેપો કહેવાય. ઘડો આ પ્રમાણે નામ તે નામ ઘડો કહેવાય. ચિત્રમાં દોરેલા ઘડાને સ્થાપનાઘડો કહેવાય. કુંભારના નિંભાડામાં જે તૈયાર થતો હોય તે અથવા ફૂટેલા ઘડાના ઠીકરાને દ્રવ્યઘડો કહેવાય. પાણીથી ભરેલા ઘડાને ભાવઘડો કહેવાય. 'હું ઘડો સાંભળુ છું' અહીં ઘડો શબ્દ નામ ઘડાને જણાવે છે. 'આ ચિત્રના- ઘડાને જૂઓ' અહીં ઘડો શબ્દ સ્થાપના ઘડાને જણાવે છે. 'ઘડો થાય છે' અથવા 'ઘડો ફૂટી ગયો' અહીં ઘડો શબ્દ દ્રવ્ય ઘડાને જણાવે છે. 'ઘડો લાવો' અહીં ઘડો શબ્દ ભાવ ઘડાને જણાવે છે. આ રીતે નક્કી છે કે 'ઘડો' શબ્દ એ પણ એક અર્થ છે. 'स्वं रूपं शब्दस्य' આ ન્યાય છે. દીપક જેમ પોતાની જાતને બતાવે અને બીજા પદાર્થને પણ બતાવે તેમ શબ્દ પોતાના સ્વરૂપને પણ જણાવે અને પોતાનાથી વાચ્ય એવા અર્થને પણ જણાવે. નામ નિક્ષેપાના સામાન્યથી બે પ્રકાર છેઃ નામ સ્વરૂપ વસ્તુ અને નામથી (નામના કારણે) વસ્તુ.

લોકોત્તર ધર્મને ઓળખાવવા માટે અહીં ધર્મના નિક્ષેપા જણાવ્યા છે. નામ સ્વરૂપ ધર્મ એટલે કે ધર્મ એ પ્રમાણે નામ તે નામ-ધર્મ છે. અને નામથી ધર્મ એટલે કોઈ સચેતન કે અચેતન પદાર્થનું ધર્મ નામ પાડયું હોય તેને પણ નામધર્મ કહેવાય. જેમ કે યુધિષ્ઠિરનું ધર્મરાજા નામ હતું. તેમજ ધર્માસ્તિકાયનું પણ ધર્મ આ પ્રમાણે નામ છે તે નામધર્મ કહેવાય. નામની પણ આશાતના ન થાય. તે માટે જ મહાપુરૂષોના કે ભગવાનના નામ સામાન્યથી પાડવામાં આવતા નથી. કારણ કે તે નામથી બોલાવવા વગેરેમાં આશાતના થાય. નામના કારણે જે સચેતન કે અચેતન વ્યક્તિને ઓળખીએ તે ધર્મ મોક્ષે નથી પહોંચાડતો. દુર્ગતિથી બચાવનાર જે પરિણતિ છે તે ભાવધર્મરૂપ

છે. ભાવધર્મને ઓળખાવનાર સદ્‌ભૂત કે અસદ્‌ભૂત સ્થાપના તે સ્થાપનાધર્મ છે. ભાવના કારણભૂત ક્રિયા એ દ્રવ્યધર્મ છે. દ્રવ્યના ઘણાં ભેદ છે. જે સાધુ થવાનો છે તેનું શરીર (મુમુક્ષુ) એ પણ દ્રવ્યસાધુ કહેવાય. અને સાધુનો જે મૃતદેહ છે તેને પણ દ્રવ્યસાધુ કહેવાય. એ બંને દ્રવ્ય નિક્ષેપામાં પણ ભેદ છે. મૃતકને વાસક્ષેપ પૂજા થાય, મુમુક્ષુની વાસક્ષેપ- પૂજા ન થાય. સાધુના મૃતકની પાલખી નીકળે, મુમુક્ષુની પાલખી ન નીકળે. મુમુક્ષુના બહુમાનના ચઢાવાની આવક સાધારણમાં જાય અને મૃતકના અગ્નિ સંસ્કારના ચઢાવાની આવક તેમના નિમિત્તે કરાતી પ્રભુભક્તિમાં કે તેમના સ્મૃતિ મંદિરમાં વપરાય.

સ.: એનું કારણ શું?

ઉ.: અવસ્થા ભેદના કારણે નિક્ષેપામાં ભેદ પડે તેથી તે સંબંધી આવકમાં પણ ભેદ પડે.

સ.: કોઈ સંઘ પહેલેથી નક્કી કરીને પછી ચઢાવા બોલે તો?

ઉ.: આ વિષયમાં કોઈ સંઘનો સ્વતંત્ર અધિકાર છે જ નહિં. એનું બંધારણ તો શાસ્ત્રે ઘડેલું છે. વાત શાસ્ત્રની છે અને એનો અમલ ગુરુ ભગવંતને પૂછીને કરવાનો. આ સંઘનો વિષય નથી. એક ગુરુના વચનમાં શંકા પડે તો બીજા ગુરુને પૂછવું અને છતાં શંકાસ્પદ લાગે તો ઉંચા ખાતામાં લઈ જવું.

એકવાર એક સાધુ મહારાજના તપના પારણાની બોલી બોલાઈ અને એની આવક શુભ ખાતામાં લઈ જવાનું નક્કી કર્યું. પૂ. સાહેબજીને (પ.પૂ. આ.ભ. શ્રી વિ.રામચન્દ્ર સૂ.મ.) આ વાતની જાણ થતાં તેઓશ્રીએ જણાવ્યું કે આ રીતે સાધુ ભગવંતના પારણાના ચઢાવા બોલાય જ નહિં. છતાં બોલ્યા હોય તો એ રકમ દેવદ્રવ્યમાં જાય, શુભ ખાતામાં નહિં... આ વાત તમે જાણો છો ને? દ્રવ્ય નિક્ષેપો એક હોવા છતાં અવસ્થા ભેદના કારણે તેની આવકમાં ભેદ પડતો હોય તો દ્રવ્ય નિક્ષેપાની આવકની જેમ સ્થાપના નિક્ષેપાની આવક કઈ રીતે લઈ જવાય? સ્થાપના ભાવને ઓળખાવવા માટે હોય છે. જ્યારે દ્રવ્ય નિક્ષેપો તો ભાવનિક્ષેપોના નાશ સ્વરૂપ કે અનુત્પત્તિ સ્વરૂપ હોય છે. ભાવની ઉત્પત્તિ થઈ ન હોય ત્યારે અથવા ભાવનો નાશ થયો હોય ત્યારે દ્રવ્ય નિક્ષેપો મળે. ભાવની હાજરીમાં દ્રવ્ય નિક્ષેપો ન હોય. સ્થાપના ભાવને ઓળખાવનાર હોવાથી ભાવસહચરિત હોય છે. જેમાં ભાવનો આરોપ કરવામાં આવે છે તેને સ્થાપના કહેવાય છે. **આથી સ્થાપના ભાવથી સહિત હોય અને દ્રવ્ય ભાવથી રહિત હોય :** આ રીતે સ્થાપના ભાવની નજીક છે એ સમજી શકાય છે ને? જેઓ સંસ્કૃત ન સમજી શકે તેઓને સમજવા માટે આટલું બસ છે ને? તમને ન સમજાય તો સમજવા માટે પ્રયત્ન કરો. **ન સમજાય ત્યાં સુધી બોલવું નથી. પણ સમજાયા પછી મુંગા રહો એ ન ચાલે. અમારે ત્યાં અત્યારે ઉંધુ ચાલે છે. જેઓ સમજ્યા નથી તેઓ બોલબોલ કરે છે અને સમજેલા મુંગા રહે છે.**

સ.: સમજેલા ન બોલે તો દોષ લાગે?

જ.: દોષ લાગે જ. **જાણકાર માણસ બોલે નહિં અને મૌન પાળે તો માનવું પડે ને કે સત્યનો પ્રેમ નથી?** સત્ત્વ નથી એમ કહીને છૂટી ન જવાય. સત્ત્વ ન હોય તો કેળવવું પડે. કષ્ટ પડે તો ભોગવી લેવાની તૈયારી રાખવી. આપણે ગુનેગાર ન હોઈએ, નિર્દોષ હોઈએ અને કોઈ જાણવા છતાં તેવી સાક્ષી ન આપે તો કેવું લાગે? તેવી દશા અહીં થાય ને? સત્યનો પ્રેમ કેળવવા માટે સત્ત્વ જોઈશે. સત્યનો પ્રેમ હોય તો સાચું સમજીને બોલવા માંડો. જે બોલવામાં પાપ લાગે એવું હોય તે ન બોલો- એ માન્ય છે. પણ સાચાને સાચું કહેવામાં અને ખોટાને ખોટું કહેવામાં પાપ નથી. ભગવાન શ્રી મહાવીર પરમાત્માએ પોતાના બે શિષ્યના ભોગે પણ સત્ય કહ્યુંને? ગોશાળો સર્વજ્ઞ

નથી અને મંખલિપુત્ર છે એ સાંભળીને ગોશાળાને દુઃખ થશે, એ ક્રોધે ભરાશે એવું જાણતા હોવા છતાં ભગવાન મૌન ન રહ્યાને? જો ભગવાન મૌન રહ્યા હોત તો લોકોને એમ થાત ને કે આમાં કાંઇક પોલ છે? જેનો ઢોલ પોલો હોય તે વગાડવામાં આનાકાની કરે. જેનો ઢોલ મજબૂત હોય તે તો જેને વગાડવો હોય તેને વગાડવા દેને? એવી જ રીતે **અમારો ઢોલ મજબૂત છે તેથી જેને જ્યાંથી વગાડવો હોય ત્યાંથી વગાડવાની છૂટ છે. જેનો ઢોલ ફૂટેલો હોય તેને ગલ્લાંતલ્લાં કરવા પડે.**

સ્થાપનામાં ભાવનો આરોપ હોય છે. જ્યારે નામ ને દ્રવ્યમાં ભાવનો વિરહ હોય છે. સ્થાપના ભાવથી જુદી હોવા છતાં ભાવની નજીક છે, ભાવની જેમ પૂજનીય છે. નામની પૂજા અનાશાતના રૂપ છે. નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ : આ ચારે નિક્ષેપાનો વિભાગ અસંકીર્ણપણે કરવામાં આવ્યો છે. સંકીર્ણ એટલે ભેળસેળવાળું. જો સંકીર્ણતા આવે તો તેને ભેદ ન કહેવાય. જેમ નવતત્ત્વો છે, એમ કહીએ તો નવે નવ જુદા જુદા છે એ બતાવવું પડે તો જ તત્ત્વના નવ ભેદ થાય. આમ જૂઓ તો જીવ અને અજીવઃ આ બેમાં બધા જ સમાઇ જાય. છતાં વકતાએ નવ ભેદ પાડ્યા છે તે અસંકીર્ણ જ હોય. તત્ત્વો રૂપે એક હોવા છતાં જીવાદિરૂપે ભિન્ન ભિન્ન છે તેમ અહીં સમજવું. નામ એ ભાવનું સ્મારક છે પણ ભાવ સ્વરૂપ નથી.

સ.: સિદ્ધચક્રના ગટ્ટામાં 'નમો અરિહંતાણં' કોતરેલું હોય તો નામ અને સ્થાપના બે સંકીર્ણ થાય ને?

ઉ.: ત્યાં નામ એ નામનિક્ષેપો નથી, તેમાં અરિહંતપદની સ્થાપના કરી હોવાથી તે પૂજનીય છે. 'लिख्यते' તે સ્થાપના નહિં, 'स्थाप्यते' તે સ્થાપના. 'અરિહંત ટેક્ષટાઇલ્સ' નામ લખ્યું હોય ત્યાં એ નામ પૂજનીય નથી બનતું કારણ કે એમાં સ્થાપના નથી કરાઇ. ગટ્ટામાં તો નામમાં ભાવની સ્થાપના કરી છે માટે પૂજનીય છે. તે જ રીતે નવકાર પંચિંદિય લખેલા હોય તે સ્થાપનાજી ન કહેવાય. તેમાં હાથેથી સ્થાપના કરીએ તો તે સ્થાપનાજી કહેવાય. કારણ કે સ્થાપના સ્થાપવી પડે છે, તે અધ્યવસાયથી જન્ય છે. આ રીતે સમજાય છે ને કે ચારે નિક્ષેપા નિક્ષેપારૂપે એક હોવા છતાં વિભાગ ગ્રંથ અસંકીર્ણ હોવાથી જુદા છે. તમારે માટે આ સમજવું કઠીન છે. ન્યાયદર્શન ભણેલાને આ જલદીથી સમજાય એવું છે.

સ.: ભણેલા સમજવા છતાં ભૂલે છેને?

ઉ.: તે ભણેલા છે માટે ભૂલે છે એવું નથી, સમજણનું સ્થાન ઇચ્છાએ લીધું છે માટે ભૂલે છે. **ઇચ્છા કોઇપણ સ્થાને આગળ કરો એટલે આજ્ઞાને પીછેહઠ કરવી જ પડે.** ભણેલા ઇચ્છાને આગળ કરવાના કારણે, ભણેલું વીસરી જવાના કારણે ભૂલે છે.

દ્રવ્ય નિક્ષેપાના બે પ્રકાર દ્રવ્યનિક્ષેપારૂપે એક હોવા છતાં તેની અવસ્થાભેદના કારણે તેની આવકમાં ભેદ પડે છે તો સ્થાપના અને દ્રવ્ય સુતરાં ભિન્ન હોવાથી તેની આવકમાં ભેદ પડે એ સમજી શકાય એવું છેને? વર્તમાનમાં દ્રવ્ય અને સ્થાપના એક જ એમ માનીને બંનેની આવક એકમાં લઇ જવાય છે- તે બરાબર નથી. જે ભાવનું કારણ બનવાનું હોય કે ભાવનું કારણ બની ચૂકયું હોય તે દ્રવ્ય. આ દ્રવ્ય તો કુદરતી હોય છે, આપણે નવું કરવું પડતું નથી. જ્યારે સ્થાપના કરવી પડે છે. સ્થાપના પૂજવા માટે કરીએ છીએ. દ્રવ્ય પૂજવા માટે નથી, ઉત્તર અવસ્થામાં રહેલું દ્રવ્ય તો વિસર્જનીય છે. પાષાણની પ્રતિમાજી લાવતી વખતે આદરપૂર્વક લાવીએ, પણ લાવતી વખતે જેવો આદર હોય તેવો વિસર્જન કરતી વખતે ન હોયને? ખંડિત થયેલી પ્રતિમાજીનું વિસર્જન કરીએ ત્યારે આશાતના ન કરીએ પણ દરિયામાં પધરાવીએને? કારણ કે હવે

એ પ્રતિમાજીનો દ્રવ્ય નિક્ષેપો છે. પ્રતિમા એ તીર્થંકર ભગવંતનો સ્થાપના નિક્ષેપો છે. એ સ્થાપનાના પણ ચાર નિક્ષેપા થાય. પ્રતિમાં આ પ્રમાણે નામ (વર્ણાવલી) અથવા કોઈનું પ્રતિમા નામ પાડયું હોય તે નામ સ્થાપના. ઘડાતી પ્રતિમા અથવા ખંડિત થયેલી વિસર્જન કરવા યોગ્ય પ્રતિમા તે દ્રવ્ય સ્થાપના. પ્રતિમાનો ફોટો અથવા મંગલમૂર્તિ તે સ્થાપના સ્થાપના અને અંજનશલાકા કરેલી પ્રતિમા તે ભાવ સ્થાપના.

દેરાસરના પણ નિક્ષેપા થાય. 'દેરાસર' નામ તે નામ નિક્ષેપો. દેરાસરનું જે મોડેલ બનાવ્યું હોય (પ્રતિકૃતિ બનાવી હોય) તે સ્થાપના દેરાસર. દેરાસર બંધાતું હોય અથવા જેમાંથી પ્રતિમા ઉત્થાપી લીધી હોય તે ખંડેર બનેલું દેરાસર તે દ્રવ્યદેરાસર અને જેમાં પ્રતિષ્ઠા થઈ ગઈ છે તે ભાવદેરાસર.

સ.: દેરાસરની ધજા શેમાં આવે?

ઉ.: માણસનો હાથ શેમાં ગણાય? શરીરનો અવયવ શરીરથી અભિન્ન ગણાય તેમ ધજા પણ દેરાસરનું અંગ હોવાથી દેરાસરમાં સમાય.

સ.: ગુરુમૂર્તિ એ ગુરુની સ્થાપના છેને? તે મૂર્તિની સ્થાપના થાય છેને?

ઉ.: મૂર્તિ તો મા-બાપની પણ હોય, શિવાજીની પણ હોય અને સાવરકર વગેરેની પણ હોય. પણ એની સ્થાપના કરવી કે નહિં- એ વિચારવું પડેને? અને ગુરુમૂર્તિની સ્થાપના કરવામાં આવી હોય તો તે પૂજવા માટે કરાય છેને? એ સ્થાપનામાં ભાવનો આરોપ કર્યો હોવાથી તે ભાવની જેમ પૂજ્ય ગણાયને? આ રીતે ભાવની નજીક હોવાથી એ સ્થાપના - સંબંધી જે કાંઈ ચઢાવા બોલાય તેની રકમ ભાવની જેમ દેવદ્રવ્યમાં જાયને?

સ.: જીવંતગુરુ અને મૃતગુરુની સ્થાપનામાં કોઈ ભેદ ખરો? તેની આવકમાં પણ ભેદ પડે?

ઉ.: સ્થાપના મૃતગુરુની કે જીવંતગુરુની નથી કરાતી ગુરુની કરાય છે. તેથી તેની આવકમાં ફેર પડવાનો સવાલ જ નથી. સ્થાપનાના સદ્‌ભૂત કે અસદ્‌ભૂત તેમજ શાશ્વત અને અશાશ્વતઃ એવા ભેદ પડે, જીવંતની સ્થાપના કે મૃતની સ્થાપનાઃ એવા ભેદ નથી પડતાં.

સ.: ગુરુના મૃતદેહને ઈચ્છકારથી વંદન થાય?

ઉ.: ન થાય. કારણ કે હવે ભાવનિક્ષેપો નથી, દ્રવ્યનિક્ષેપો છે. ગુરુ પોતે દેવ થઈને આવે તો ય તે સાધુને વંદન કરે, પણ સાધુ દેવને વંદન ન કરે.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં કથા આવે છેને? એક પુત્રમુનિને વિહારમાં અસહ્ય તરસ લાગી અને પિતામુનિના કહેવાથી નદીનું પાણી પીવા માટે ખોબો ભર્યો. પરંતુ તે જ વખતે તેમને વિચાર આવ્યો કે એક મારી તરસ છીપાવવા ખાતર આટલા બધા અપ્કાયના જીવોના પ્રાણ નથી લેવા. એમ વિચારીને ધીરે ધીરે ખોબો નીચે ઉતારી પાણી નદીમાં જવા દીધું અને એની સાથે જ કાળધર્મ પામી દેવ થયા. અપ્કાયના જીવને જીવ માને તે ઉપરથી પાણી ફેંકે ખરા? મડદાને પણ ઉપરથી કોઈ ન ફેંકે. જયારે તમે જીવતાને પણ ઉપરથી ફેંકોને? એમાં તમારી દયા કયાં સમાઈ? પેલા મુનિએ ધીમે ધીમે પાણી મૂકયું કે જેથી તે જીવોને વધુ કિલામણા ન થાય. આવી સુંદર ભાવનામાં કાળ કરી દેવ થયા. ત્યાં ઉપયોગ મૂકયો અને જે સ્થળે સાધુઓ વિહાર કરતાં હતાં ત્યાં આવીને નાના-મોટા સર્વ સાધુઓને વંદન કર્યું. એક માત્ર પિતામુનિને પોતાના વૈરી જાણીને વંદન ન કર્યું. આપણી વાત તો એટલી જ છે કે દેવ પોતે જરૂર પડે સાધુને વંદન કરે, પણ સાધુ દેવરૂપે આવેલ ગુરુને વંદન ન કરે. સાચું સમજવા માટે કસરત કરવી જ પડશે. આપણે નવી નથી કરવાની, મહાપુરૂષોએ કસરત કરેલી છે એ પ્રમાણે આપણે માત્ર આપણી બુદ્ધિની કસરત કરવાની છે.

સ્થાપના શાશ્વત અને અશાશ્વતઃ એમ બે પ્રકારની છે. આ પ્રમાણે સાંભળીને શિષ્ય શંકા કરે છે કે स्थाप्यते इति स्थापना એટલે જે સ્થાપિત કરાય તેને સ્થાપના કહેવાય તો શાશ્વત સ્થાપનામાં આ અર્થ નહિં ઘટે. તેથી ગ્રંથકારશ્રી જણાવે છે કે 'तिष्ठति इति स्थापना' આ વ્યાખ્યા પણ છે. શાશ્વતી પ્રતિમા આકારરૂપે શાશ્વત હોય છે, પર્યાય તો તેના પણ અશાશ્વત હોય છે. પરમાણુ બદલાવા છતાં દ્રવ્યમાં ફરક ન પડે. તમે જાડા પતલા થાઓ છતાં એના એ જ હો કે જુદા? તેમ અહીં પણ પરમાણુ અસંખ્યાત કાળે બદલાવા છતાં આકારરૂપે પ્રતિમા શાશ્વત હોય. શાશ્વતી પ્રતિમા હોય કે અશાશ્વતી પ્રતિમા હોય તેના ચઢાવાની આવકમાં કોઈ ફેરફાર ન થાય. તેવી જ રીતે સોનાની, ચાંદીની, માટીની, લાકડાની એમ અનેક પ્રકારની પ્રતિમા હોય પણ તે બધી જ ભાવની સાથે સંલગ્ન હોવાથી તેની પૂજા વગેરેના ચઢાવાની આવકમાં કોઈ ભેદ ન પડે. તે રીતે ગુરુમૂર્તિની બાબતમાં પણ સમજવું.

સ.: ભગવાનની પૂજા વગેરેમાં દેવદ્રવ્ય વપરાવાની શરૂઆત કયારથી થઈ?

ઉ.: શ્રાવકો દરિદ્ર, શિથિલ, કૃપણ થવા માંડયા એટલે જરૂરને નામે દેવદ્રવ્ય પર નજર કરવા માંડયા. દ્રવ્યક્ષેત્ર કાળ- ભાવના નામે દેવદ્રવ્યથી પૂજા કરવાનું શરૂ થયું.

સ.: એ રીતે પૂજા થાયને?

ઉ.: થાય છે- એ જણાવ્યું, પણ કરાય- એવું નથી જણાવ્યું.

સંમેલનકારે નક્કી કર્યું કે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ- ભાવને જોઈને કલ્પિત દ્રવ્યમાં ફેરફાર કરી શકાય. જયારે આપણે કહેવું છે કે દ્રવ્ય- ક્ષેત્ર- કાળ- ભાવને લઈને ફેરફાર થાય પણ તે આજ્ઞાની મર્યાદામાં રહીને કરાય. **આપણે શાસ્ત્રની આજ્ઞામાં ગોઠવાવાનું, આપણી અનુકૂળતા મુજબ શાસ્ત્રના અર્થ ન ગોઠવવા.** ટીપ કરવી પડે તો ટીપ કરવી પણ આ રીતે દેવદ્રવ્ય વાપરવું ઉચિત નથી: ખૂટે અને જરૂર પડે એટલે દેવદ્રવ્યમાંથી લેવાય- એવું માનનારાને કાલે ઉઠીને ઉપાશ્રયમાં ખોટ પડે તો દેવદ્રવ્યમાંથી લેવાના? પૂજા માટે દ્રવ્ય ઓછું પડે તો એક અંગે પૂજા કરીશું. પણ બધા અંગે પૂજા કરવા માટે દેવદ્રવ્ય લેવું એ તો ભગવાનના પૈસાથી ભગવાનની પૂજા કરવા જેવું છે. તમારા પૈસાથી કોઈ તમારી ભકિત કરે તો તમે તેને કેવો માનો? **અપવાદ માર્ગ બચાવવા માટે છે, મૂળભૂત સિદ્ધાંતના ઉચ્છેદ માટે નથી.** પૈસાની જરૂર હોય અને પૈસા ન હોય તો કો'કની પાસે અપાવીએ, પણ તે માટે ભંડાર પર નજર ન નંખાય. **ગમે તેટલા ફેરફાર કરો તોય મૂળભૂત સિદ્ધાંતની મર્યાદા બહાર ન જવાય.** સાધુ ભગવંત અસહિષ્ણુ હોય કે શિથિલ થયા હોય તો એકાસણામાંથી બેસણું કરાવીએ, બેસણામાંથી છૂટું કરાવીએ પણ રાત્રિભોજન ન કરાવાયને?

સ.: સિદ્ધાંતમાં ભેદ ન થાય પણ સામાચારીમાં થાયને?

ઉ.: આ બધી વાત તો સૂંઠના ગાંગડે ગાંધી થવા જેવી છે! સિદ્ધાંત અને **સામાચારીમાં તમે સમજો છો? સામાચારીનું પાલન કરવું એ પણ સિદ્ધાંત છે**- એટલું યાદ રાખવું. દશવિધ સામાચારી ન સાચવી હોય તો સિદ્ધાંતભેદ કર્યો કહેવાયને? પહેલા માત્ર આગળના ભાગમાં ચોલપટ્ટો રખાતો, તે પણ કોણીથી દબાવીને રાખતા, કંદોરો રાખતાં ન હતાં. હવે જો કોઈ એ રીતે ચોલપટ્ટો પહેરે તો તે સામાચારી ભેદ કર્યો કહેવાય કે સિદ્ધાંતભેદ કર્યો કહેવાય?

સ.: દેવદ્રવ્યથી દેવનું મંદિર જેમ બંધાવાય તેમ ગુરુદ્રવ્યથી ગુરુનું મંદિર બંધાવાય?

ઉ.: દેવનું મંદિર દેવદ્રવ્યથી ન બંધાવાય, સ્વદ્રવ્યથી બંધાવાય. આથી આ પ્રશ્ન જ અસ્થાને છે. અને ગુરુનું દ્રવ્ય તો છે જ નહિં. **કારણ કે ગુરુસંબંધી**

**જે કાંઇ દ્રવ્ય આવે તે ગૌરવાર્હ સ્થાનમાં એટલે કે દેવદ્રવ્યમાં લઇ જવાનું વિધાન છે.**

સ.: તો પછી ગુરુદ્રવ્ય કયું ગણવું? અતિચારમાં દેવદ્રવ્ય, ગુરુદ્રવ્ય....ના ભક્ષણની વાત આવે છે ત્યાં કયું ગુરુદ્રવ્ય સમજવું?

ઉ.: તે ગુરુદ્રવ્ય એટલે ગુરુની પૂજારૂપે આવેલું અને ગુરુ વૈયાવચ્ચ માટે રાખેલું દ્રવ્ય સમજવું. **બાકી ગુરુના કે ગુરુના ફોટા વગેરેના પૂજનાદિ સંબંધી દ્રવ્ય તો ગૌરવાર્હ સ્થાનમાં જ જાય.**

આ જ લાલબાગમાં એકવાર જ્ઞાનખાતા અને ગુરુપૂજનની પેટી ઉપર નામ લખવા માટે પેઇન્ટર બોલાવ્યો હતો. તે પેઇન્ટર ગુરુપૂજનની પેટી પર 'ગુરુદ્રવ્ય' લખતો હતો ત્યારે પૂ. સાહેબજીએ શ્રાવકને બોલાવીને તે પેટી પર 'દેવદ્રવ્ય' લખવાનું જણાવ્યું. તેમ જ તેનું કારણ સ્પષ્ટ કરતાં જણાવ્યું કે 'આપણે ગુરુદ્રવ્ય અને દેવદ્રવ્ય કયાં જુદુ રાખીએ છીએ?' તમારે સમજવું હોય તો અમારી સમજાવવાની બધી તૈયારી છે.

સ.: સમજાવવા છતાં સામાને ન સમજાય તો તેમાં સમજાવનારના આદેય નામકર્મની ખામી ગણવી?

ઉ.: એની ના નહિં. એમાં આદેય નામકર્મની ખામી હોઇ શકે એ મંજૂર છે. પણ એમાં સમજાવનારના ક્ષયોપ શમભાવની કે શ્રદ્ધાની ખામી છે એવું તો ન મનાયને? સામો જો પૂર્વગ્રહથી ગ્રસ્ત હોય તો તેને સ્પષ્ટ વાત પણ ન સમજાય એવું બનેને?

પૂ. શ્રી બુટેરાયજી મ. હારી ગયા પછી પણ તેમણે પૂ. શ્રી આત્મારામજી મહારાજને શું કહ્યું હતું? 'બચ્ચા! સાચું સમજાયા પછી પાછા અહીં જ આવવું પડશે!' એમ કહીને સાથે વ્યાકરણ ભણવાની પણ ટકોર કરી હતી. પોતે જે માનતા હતા તે પૂ. શ્રી આત્મારામજી મહારાજને સમજાવી ન શકયા છતાં તેમની શ્રદ્ધામાં જરા પણ ખામી ન હતી. હાર્યા પછી પણ તેમની સત્ય પ્રત્યેની ખુમારી જોઇને અને શ્રદ્ધાનો રણકાર સાંભળીને પૂ. આત્મારામજી મહારાજનો જીતનો આનંદ ઓસરી ગયો, શ્રદ્ધા અને આત્મવિશ્વાસ આંખ સામે તરવરવા માંડયો. એના યોગે તેમની ટકોર પ્રમાણે વ્યાકરણ ભણી અંતે સત્યને સ્વીકાર્યું અને પૂ. શ્રી બુટેરાયજી મહારાજના શિષ્ય થયા. **જે સત્યમાર્ગે હોય તે પૂરા આત્મ વિશ્વાસથી નિરૂપણ કરી શકે. જો અમારી વાત સાચી ન લાગતી હોય તો તે ખોટી છે- એમ સાબિત કરી બતાવો! પણ જેને ખોટું સાબિત કરવું નથી અને સાચું સમજવું નથી તેના માટે કોઇ ઉપાય નથી.** જે આપણા હાથની વાત નથી તેમાં આપણે કશું કરી શકીએ નહિં. આપણી જાતને બચાવવી હોય તો તે માટે જ્ઞાન મેળવી લેવું. **બધાને ન સમજાવાય તો આપણી જાતને સમજાવી ખોટાથી દૂર રહેવું છે.** રોગચાળો ફાટી નીકળ્યો હોય ત્યારે તેને દૂર કરવાનું સામર્થ્ય આપણી પાસે ન હોય તો આપણી જાતને રોગથી બચાવવા માટે પ્રયત્ન કરીએને? રોગની ભયંકરતાનું ભાન તો હોવું જોઇએને? જે સમજે તેને સમજાવાય. બધાને સમજાવવાનું સામર્થ્ય આપણી પાસે તો નહિં, ભગવાનની પાસે પણ નથી. કેવલજ્ઞાન વિદ્યમાન હોવા છતાં અને એક સમયમાં સર્વના સંશય છેદવાનો અતિશય હોવા છતા ૩૬૩ પાખંડીના પાખંડ ન છેદાયા. **ભગવાન પણ બધાને સાચું ન સમજાવી શકે, યોગ્યને જ સમજાવી શકે.** ગમે તેટલો કળાકાર હોય પણ તે પાણીમાંથી પ્રતિમા બનાવી શકે ખરો? વસ્તુમાં યોગ્યતા હોય તો કળાકારની કળા કામ લાગે. ડૉકટર ગમે તેટલો હોંશિયાર હોય તો પણ મરેલાને સાજો ન કરી શકેને? **એકવાર યોગ્યતા કેળવી લઇએ તો આ બધું સમજી શકાય એવું છે. અમારે અમારા ઘરની વાત નથી કરવાની. ભગવાનની જે વાત છે તે જ તમારી બુદ્ધિમાં અને તમારા હૈયા સુધી પહોંચાડવી છે.**

*(સમાપ્ત)*

# વિશદ પ્રકાશ

-પૂ.આ.શ્રી વિજયચન્દ્રગુપ્ત સૂરીશ્વરજી મ.

(વર્તમાનમાં શ્રી જૈન શાસનમાં 'ગુરુમૂર્તિ' અને 'ગુરુમૂર્તિ' આદિના દ્રવ્યનો જે વિવાદ ચાલી રહ્યો છે તે અંગે સત્ય અને સચોટ માર્ગદર્શન ચાલુ પ્રવચનની પ્રશ્નોત્તરી દરમ્યાન, શ્રી જિન શાસન શણગાર અને સ્વ. પ.પૂ.આ. શ્રી વિ. રામચન્દ્ર સૂરીશ્વરજી મ.ના પટ્ટધર સ્વ. પ.પૂ.આ. શ્રી વિ. મુક્તિચન્દ્ર સૂ.મ.ના પટ્ટધર સમતાનિષ્ઠ સ્વ. પ.પૂ.આ. શ્રી વિ. અમરગુપ્ત સૂ.મ.ના પટ્ટધર તાર્કિક શિરોમણિ પ.પૂ.આ. શ્રી વિ. ચન્દ્રગુપ્ત સૂ.મ.એ ૨૦૬૦ના શેઠ મોતીશા લાલબાગ જૈન ઉપાશ્રયના ચાતુર્માસના અંતિમ દિવસોમાં પ્રવચન આપ્યું તેની સારભૂત નોંધ વાચકોની જાણ માટે અત્રે આપીએ છીએ.) -સંપા.

(૨૦૬૧, કારતક સુદિ- ૧૧ના પ્રવચનમાંથી)

ભાવજિનની સાથે સાધુનો વાસ કઇ રીતે સંભવે? આવી શંકાના નિરાકરણમાં જણાવ્યું છે કે ભાવ જિન અને સ્થાપના જિન પૂજયત્વની અપેક્ષાએ સમાન હોવા છતાં તેમની પૂજાવિધિ રૂપ કલ્પ જુદા જુદા પ્રકારનો છે. ભાવજિને સર્વ સંવર સ્વરૂપ દીક્ષાને અંગીકાર કરી હોવાથી તેમનું સઘળું કૃત્ય સાધુ ભગવંતો જ કરે. તેમજ તેમના નિમિત્તે નૈવેદ્ય વગેરે બનાવવામાં આવતા નથી, તેમજ પ્રક્ષાલ, કેસર, પુષ્પ પૂજા વગેરે નથી કરાતી. જયારે સ્થાપના જિનનું સઘળું કૃત્ય ગૃહસ્થો જ કરે છે. આથી સર્વથા સામ્ય માનીને સ્થાપના જિન સાથે ચૈત્યમાં વાસ કરવો ઉચિત નથી.

વર્તમાનમાં પણ આવા પ્રકારના કુતર્કો કરનારા મળી આવે એવા છે. ભાવજિન અને સ્થાપના જિનમાં પૂજયત્વ સરખું હોવા છતાં તેની પૂજાવિધિમાં ફરક પડે છે. પૂજાવિધિમાં ફરક પડે એટલા માત્રથી ભાવને અને સ્થાપનાને સર્વથા ભિન્ન માનવા એ વ્યાજબી નથી. અવસ્થા ભેદના કારણે પૂજાવિધિમાં ફરક પડે, પૂજયત્વમાં કે પૂજાદ્રવ્યમાં નહિ. આ જ રીતે ભાવગુરુ અને સ્થાપના ગુરુના વિષયમાં પણ સમજી લેવું. **પૂજ્યત્વ ગુણને લઇને હોય છે જયારે પૂજાવિધિ તો ગુણીની અવસ્થાને ઉચિત હોય છે. સ્થાપનામાં ગુણનો આરોપ કર્યો હોવાથી તેમાં પૂજ્યત્વ ભાવને સમાન છે.** ગુરુના ચરણે જે દ્રવ્ય ધર્યું હોય તે પૂજા તરીકે મૂકેલું હોવાથી પૂજાદ્રવ્ય ગણાય, તે દ્રવ્ય ગુરુના ઉપયોગમાં ન લઇ શકાય. વસ્ત્ર, પાત્ર, આહાર વગેરે જે કાંઇ ગુરુને વહોરાવવામાં આવે તે ગુરુના ઉપયોગમાં આવે, અને આને નિશ્રાકૃત કહેવાય. **જયારે ગુરુની પૂજા જે દ્રવ્યથી કરવામાં આવે તે પૂજાદ્રવ્ય ગુરુના ઉપયોગમાં ન આવતાં તે ગુરુ કરતાં ગૌરવાર્હ સ્થાનમાં અર્થાદ્ દેવદ્રવ્યમાં જાય.** અર્પણ કરેલું દ્રવ્ય ઉપયોગમાં આવે, નિશ્રાકૃત બને, ચરણે ધરેલું દ્રવ્ય ગૌરવાર્હ સ્થાનમાં જાય. દેવને ચરણે ધરેલું દેવમાં જાય છે તેનું કારણ એ છે કે દેવ કરતાં ઉંચું એકેય સ્થાન નથી. પૂજ્યત્વ સરખું હોય એટલા માત્રથી પૂજાવિધિ પણ સરખી જ હોવી જોઇએ- એવો નિયમ નથી. સ્ત્રી અને પુરૂષમાં મનુષ્યત્વ એકસરખું હોવા છતાં બેના વસ્ત્ર- કાર્ય વગેરે એકસરખાં ન હોયને? તેમ અહીં પણ 'ભાવ ને સ્થાપનામાં પૂજ્યત્વ એકસરખું માનવાથી પૂજાવિધિની પણ સમાનતાની આપત્તિ આવશે' એવા કુતર્ક ન કરવા.

(૨૦૬૧ કારતક સુદિ-૧૩ના પ્રવચનમાંથી)

સ.: દેવનું દ્રવ્ય દેવમાં વપરાય, જ્ઞાનદ્રવ્ય જ્ઞાન માટે વપરાય તો ગુરુદ્રવ્ય ગુરુમાં કેમ ન વપરાય?

ઉ.: ગુરુદ્રવ્ય વગરના છે માટે ગુરુનું દ્રવ્ય ગુરુમાં ન જાય. ગુરુના ચરણે ધરેલું દ્રવ્ય એ નિશ્રાકૃત નથી બનતું, કારણ કે ગુરુ તો દ્રવ્યના ત્યાગી છે. ગુરુની પૂજાના નિમિત્તે તે આવેલું છે, તેથી જ તે ગુરુના પૂજ્યત્વને લઈને આવેલું હોવાથી **ગૌરવાર્હ સ્થાનમાં જાય, ગુરુના ઉપયોગમાં ન આવે.** ગુરુને અર્પણ કરેલું દ્રવ્ય તેમની વૈયાવચ્ચમાં લઈ શકાય. સ્થાપનાને વસ્ત્ર પાત્રાદિનો ઉપયોગ નહિં હોવાથી નિશ્રાકૃતનો સંભવ નથી. ત્યાં બધું અનિશ્રાકૃત છે. **સ્થાપના ભાવની છે, ભાવનો આરોપ કર્યો હોવાથી ભાવથી સંવલિત છે,** તેથી સ્થાપના સંબંધી દ્રવ્ય તો પૂજાના નિમિત્તે જ આવેલું હોય છે. સ્થાપનાને અર્પણ કરેલું દ્રવ્ય નથી હોતું, કારણ કે સ્થાપનાએ તેનો ઉપયોગ કરવાનો સંભવ જ નથી. **તેથી સ્થાપના સંબંધી આવક ગૌરવાર્હ સ્થાનમાં જાય.** એટલે કે જેની સ્થાપના છે તેનાથી ઊંચા સ્થાનમાં જાય.

સ.: જો ગુરુદ્રવ્ય દેવદ્રવ્ય જ હોય તો અતિચારમાં દેવદ્રવ્ય, ગુરુદ્રવ્ય.... ભક્ષિત- ઉપેક્ષિત આવે છે ત્યાં શું સમજવું?

ઉ.: ત્યાં ગુરુના નિમિત્તે આવેલું દ્રવ્ય તે ગુરુદ્રવ્ય, તેમજ ગુરુ વૈયાવચ્ચ માટેનું જે દ્રવ્ય તેની રક્ષા કરવાની વાત છે.

શ્રી જિનબિંબ અને શ્રી જિન મંદિર વિહિત છે, તેવી રીતે ગુરુમૂર્તિ અને ગુરુમંદિર ભરાવવાનું વિહિત નથી. જો ગુરુ મંદિર વિહિત હોય તો અત્યાર સુધી છતી શક્તિએ ગુરુ મંદિર કે મૂર્તિ ન કરવાથી 'કિચ્ચાણમકરણે'નું પાપ લાગે ને? જે વિહિત કૃત્ય ન કર્યું હોય તેની આલોચના પ્રતિક્રમણમાં કરીએ છીએને? ગુરુમંદિર ન બનાવવામાં દોષ નથી માટે જ નક્કી છે ને કે ગુરુમંદિર જિન મંદિરની જેમ વિહિત નથી.

(મલાડ રત્નપુરી અને જિતેન્દ્ર રોડના પ્રવચનોમાંથી)

❖ પુણ્ય ઉપર ભરોસો રાખે તે યોગ્ય ન હોય. માર્ગ ઉપર ભરોસો રાખે તે યોગ્ય! આચાર્ય ભગવંતો પુણ્ય ઓછું માટે ન રૂએ, માર્ગ માટે રૂએ.

❖ સ્થાપના જડ હોવા છતાં તેને આલંબન બનાવવા 'ભાવ'નો આરોપ કરવો પડે.

❖ આજે સાચું કરાવવા ટ્રસ્ટી નથી પૂછતાં, પણ પોતે જે કરે તે સાચું છે, તેમ ઠરાવવા પૂછે છે.

❖ અમારી શાસ્ત્રીય વાત કોઈ ખોટી કહેતું નથી અને પોતાની ખોટી પ્રવૃત્તિ કોઈ છોડતું નથી.

❖ ''કોઈને ખોટું લાગે તેવું ન કરવું. ભલે ખોટું આપણા ઘરમાં આવે'' -આ માન્યતા આજના મોટાભાગના સાધુ- સાધ્વી, શ્રાવક- શ્રાવિકાની છે માટે ખોટું મજેથી ચાલી પડયું છે. ખોટું કરનાર કોઈને કશું સાંભળતાં નથી.

❖ ખોટું કરે તેને ઝઘડો છે, અધર્મનો ઝઘડો છે. ધર્મનો ઝઘડો હોતો નથી. જે સાચું ઠરે તેનો ઝઘડો નથી. તમારે ત્યાં પૈસાના ઝઘડા કે અધિકારના?

❖ એકતા માટે અમે સાધુ નથી થયા. ભગવાનની આજ્ઞા માટે સાધુ થયા છીએ. એકતા કરવી હોય તો જ્ઞાન- દર્શન- ચારિત્રની કરવાની. લોકોની સાથે એકતા કરવી હોય તો જ્ઞાન- દર્શન- ચારિત્રને આઘા મૂકવા પડે.

❖ ગુરુ પાસે આપણું મનાવવું નથી, તેમનું માનવું છે. ગુરુ મહારાજે જે કહ્યું તે ઉભા થઈ 'તહત્તિ' કરવાનું. તેનું નામ તથાકાર સામાચારી છે. ગુરુની વાતમાં 'પણ' કહેવાનું નહિં. ડૉકટરની વાત 'તહત્તિ' કરીએ તેટલી ગુરુની નથી કરતાં.

❖ જયાં શરૂઆત ખોટી થાય ત્યાં પરિણામ ખોટું આવે!

❖ ભગવાને 'માર્ગ' બતાવવામાં કમી નથી રાખી, પણ આપણે ભૂલીએ તે શાથી? દોઢ ડહાપણથી

આપણે તો માર્ગે ચાલવાનું રાખવાનું. ભગવાને બતાવેલા માર્ગમાં બાંધછોડ કરવાનું કારણ શું?

❖ આજે અમને પૂછનારા જાણવા માટે નથી પૂછતા, પણ અમારી વાતને ખોટી ઠરાવવા પૂછે છે.

❖ અમે માર્ગ પ્રવર્ત્તાવવા પાટે નથી બેસતાં પણ માર્ગ સમજાવવા પાટે બેસીએ છીએ. માર્ગ પ્રવર્ત્તાવવાનો અધિકાર તો ભગવાનનો જ છે.

❖ આચાર્ય ભગવંન્તો શું કહે છે તે સમજવાનો પ્રયત્ન કરો પણ તેમણે શું બોલવું તે તમે નક્કી ન કરો. સંગીતકારને ત્યાં પૈસા આપીને જાવ તો ય તે જે ગાય તે સાંભળો કે તેણે શું ગાવું- તે કહેવા બેસો?

❖ સાચો સાધુ શાસ્ત્ર જોઇને બોલે, તમારુ મોંઢું જોઇ ન બોલે. સાચો સંગીતકાર પરમાત્માને રીઝવે, જગતને ન રીઝવે.

❖ સારો આચાર પાળીએ તે આત્માના કલ્યાણ માટે કે શાખ જમાવવા માટે? 'અમે સાધુ થયા છીએ. અમે પણ પાપથી ડરીએ છીએ'- એવું કહેવું તેનું નામ શાખ જમાવી કહેવાય.

❖ અમારી સાચી વાત કોઇ ન માને તો સાચી વાત બંધ કરવી નથી. ભગવાનની વાત ત્રણસોને ત્રેસઠ (૩૬૩) પાંખડીઓએ નથી માની તો ભગવાન ડગ્યા? આજ્ઞા પ્રમાણે સાચી વાત કહેવાથી બીજાને કલેશ થાય તો તેનું પાપ કહેનારને લાગતું નથી.લોકો માને કે ન માને, પણ સાચી વાત કીધા વિના રહેવું નહિં. જે સ્થાને બેઠા હોઇએ તે સ્થાનની જવાબદારી અદા કરવાની. **ભગવાનના શાસનના આચાર્યોની, સત્યની રક્ષા કરવાની, સાચું બોલવાની- સમજાવવાની જવાબદારી નથી?** રસોઇ કરવા જાઓ તો તાપ તો લાગવાનો છે, તેથી રસોઇ કરવાનું બંધ કર્યું?

❖ શાસ્ત્રમાં જે બતાવ્યું તેમ કરવું છે કે આપણે જે કરીએ તે શાસ્ત્રમૂલક છે તેમ સમજાવવું છે?

❖ ધર્મમાં છીંડુ ને શોધવું તે ધર્મની સંમુખતા, છીંડુ શોધવું તે પરાંગમુખતા. ધર્મ ન કરવો પડે માટે આલંબન શોધીએ કે ધર્મ કરવો પડે માટે આલંબન શોધીએ ?

❖ આર્ત્તધ્યાન એટલું ગમે છે કે આર્ત્તધ્યાન ટાળવાની વાત કરીએ તે દુઃખ ટાળવું છે, આર્ત્તધ્યાન ટાળવું નથી.

❖ દુઃખ ટાળવું તે હાથની વાત નથી પણ પ્રમાદ ટાળવો, ઇન્દ્રિયોની આસકિત ટાળવી અને ધર્મમાં પરાંગમુખતા ટાળવી એ આપણા હાથની વાત છે. આજે બધાનો પ્રયત્ન સુખનો વિયોગ ન થાય અને દુઃખનો સંયોગ ન થાય તે માટે છે.

❖ આજે લગભગ આજ્ઞા મુજબ જીવવું ન ફાવે પણ ઇચ્છા મુજબ જીવવું ફાવે માટે ભગવાનની આજ્ઞાનો પુરસ્કાર નથી કરતા પણ ભગવાનની આજ્ઞાનો અનાદર છે.

❖ આજે આપણે આગમને સાચવીએ કે ગુરુને ? આગમવાદ અને ગુરુવાદમાં ફેર પડે જ નહિ.

❖ પરિણામ નથી ટકતા તે ફરિયાદ છે પણ પરિણામ લાવવા ટકાવવા શું કરવું તેમ કોઇ નથી પૂછતું !

❖ આજે ભણવા માટે તપ કરનારા ઓછા પ ભણવું નથી માટે ઘણા તપ કરે છે.

❖ સ્વાધ્યાય થતો હોય અને તપ થાય તે સારું પણ સ્વાધ્યાય સીદાતો હોય અને તપ થાય તેથી કર્મબંધ થાય !

❖ જ્યાં ભગવાનની આજ્ઞા ન હોય ત્યાં નિર્જરા ન થાય. જ્યાં ભગવાનની આજ્ઞા હોય ત્યાં નિર્જરા થાય.

❖ આજ્ઞા પાળવા પ્રમાદ ટાળવો જ પડે.

(સમાપ્ત)

○ ○ ○

# શાસનનો મર્મ

**પ્રવચનકાર : પૂ.આ.શ્રી.વિ. ચન્દ્રગુપ્ત સૂરીશ્વરજી મ.**

✳ મરતા સુધી છોડવાની ભાવના નથી, મરતા સુધી મેળવવાની ભાવના તીવ્રકોટિની છે. અવા લોકોને કર્મનું નામ લેવાનો અધિકાર નથી.

✳ તે તે વસ્તુનો રાગ ગયો માટે ત્યાગ કરો કે તેના વગર ચાલે તેવું છે માટે ત્યાગ કરો ?

✳ આજે આપણને રાગ ન થાય તેની ચિંતા નથી, ભય નથી પણ આર્ત્તધ્યાન ન થાય તેની ચિંતા અને ભય વધારે છે.

✳ ભોગવ્યા વગર રાગ હોય તેનું નામ સંજ્ઞા! પ્રવૃત્તિના અભાવમાં પરિણામ જીવતો રહે તેનું નામ સંજ્ઞા ! જે ભાણામાં પીરસે તેમાં રાગ વધારે કે જે ભાણામાં નથી પીરસાયું તેમાં રાગ વધારે !

✳ આજે આપણાને તપ કરવાના મનોરથ થાય પણ ત્યાગ કરવાના મનોરથ ન થાય ને ?

✳ તપની આગળ-પાછળ શું કરવું તે આપણને આવડે છે પણ આસકિતનો ત્યાગ કરવા શું કરવું તે હજી શીખ્યા નથી.

✳ આજના ધર્માત્માઓને જોઇને ત્યાગનો પરિણામ જાગે કે ભોગનો?

✳ 'ખાવા-પીવા છતાં રાગ ન કરવો અને કદાચ રાગ થાય તો દુઃખ અનુભવવું'-આ વાત હૈયામાં એવી જડબે સલાટ બેસી છે ત્યાં સુધી ભગવાનની વાત હૈયામાં બેસે જ નહિ.

✳ ખાવાનું છોડીએ પણ ખાવાનો રાગ તો ન છોડીએ ને ?

✳ 'મરીને દેવલોકમાં જઇશું તો આનંદ થાય પણ મરીને મારે દેવલોકમાં અવિરતિમાં જવું પડશે તેનું દુઃખ થાય ખરું? દેવલોક પ્રાપ્તિનો આનંદ હોય અને અવિરતિનું દુઃખ ન હોય તો માનવું પડે કે વિરતિનો પ્રેમ નથી.

✳ આપણને ભવનાં કારણો રાગ-દ્વેષ-મોહ પ્રત્યે દ્વેષ છે કે દુઃખના કારણો પ્રત્યે દ્વેષ છે?

✳ આપણે આપણા દુઃખને વધારે માન્યું છે અને સુખને ઉત્તમ માન્યું છે માટે આપણા રાગ-દ્વેષ જીવતા છે.

✳ જો આપણને દેવલોકનાં સુખ યાદ આવે તો આપણા સુખમાં રાગ ન થાય. નારકીના દુઃખ યાદ આવે તો આપણા દુઃખમાં દ્વેષ ન થાય. દુઃખ વધારે છે માટે દુઃખ છે કે દુઃખ ભોગવવું જ નથી માટે દુઃખ છે !

✳ દુઃખ ન ઇચ્છવું, અનુકૂળતા ઇચ્છવી તે સંસારનું કારણ છે.

✳ આજે જે લીધું તે ગમે કે જે છોડયું તે? મહાવ્રતાદિ ગમે કે અવિરતિ? સામાયિક લીધા પછી ટાઇમ પૂરો થાય તે ગમે કે સામાયિક ગમે?

✳ અપ્રશસ્ત માર્ગમાં મન મારવાનું ગમે છે પણ પ્રશસ્ત માર્ગમાં મન મારવાના કેટલાને ગમે?

✳ શરીર ના પાડે તો ના ખાઇએ પણ ભગવાન ના પાડે માટે ના ખાઇએ તેવું લગભગ ન બને ને?

✳ રોગ નથી ગયો છતાં પણ રોગ કાઢવાની ઇચ્છા જીવતી હોય ને ? તેમ હજી ઇચ્છા ન મરે તે બને પણ ઇચ્છા મારવાની ઇચ્છા છે કે નહિ?

✳ પાપ ખરાબ જ છે તેમ લાગે પછી વિરતિ પ્રત્યેનો પ્રેમ જન્મે.

✳ જ્ઞાનની સાથે શાન આવવી જોઇએ. એકલ જ્ઞાનની કશી કિંમત નથી.

✳ દવા લીધા વિના દવાખાનામાંથી બહાર નીકળે? દવા લીધા વિના મંદિર-ઉપાશ્રયમાંથી બહાર નીકળેને? 'હજી આ સંસાર છૂટયો નહિ, દીક્ષાનો ભાવ થયો નહિ' તે દવા છે.

(ક્રમશઃ)

# રાજસિંહ અને રત્નવતી

હપ્તો - ૧૯

ચિત્રકાર : ભાસ્કર સગર
કથા : મુનિ શ્રી જિતરત્નસાગરજી 'રાજહંસ'



# લુચ્ચાને લાગી લાત

-પ્રભુલાલ વાડીદાસ દોશી

એક ઊંટ એક દિવસ ફરતું ફરતું એક શેરડીના ખેતર પાસે આવ્યું. ખેતરમાં રસથી ભરપૂર શેરડી ઊગી હતી. ખેતરને ફરતી કાંટાળા થોરની વાડ હતી એટલે ખેતરની અંદર જઈ શકાશે નહીં. તેમ જાણી તે તો ખેતરની બહાર ઊગેલા લીમડાના ઝાડ ઉપરથી પાન ખાવા માંડ્યું. એવામાં એક શિયાળ ત્યાં આવી ચડ્યું. તેણે કહ્યું, ''મામા ! ખેતરમાં મીઠી મજાની શેરડી છે, તે મૂકીને આ કડવો લીંબડો કાં ખાવ?''

ઊંટે કહ્યું, ''ખેતરમાં શેરડી તો છે, પણ ખાવી કેવી રીતે? વાડ ઓળંગીને અંદર જઈ શકાય તેવું નથી અને ખેતરમાં કૂતરો છે તે કરડે તેવો છે.''

''કૂતરો તો બીજી બાજુએ છે. તેને ખબર પડે તે પહેલા આપણે પેલા છીંડામાંથી અંદર ઘૂસી જઈએ.'' એમ કહીને શિયાળ તો છીંડામાંથી ખેતરમાં ગયું.

ઊંટને છીંડામાંથી ખેતરમાં પેસવામાં જરા મુશ્કેલી પડી, કારણ કે તેનું શરીર શિયાળ કરતા મોટું હતું. જેમ તેમ કરીને તે અંદર પેઠું. તેને થોડા કાંટા પણ વાગ્યાં.

બંનેએ શેરડી ખાવી શરૂ કરી. શિયાળ તો પાંચ જ મિનિટમાં ધરાઈ ગયું. ઊંટને વધારે ખોરાક જોઈએ એટલે તેને ખાતાં વાર લાગી.

શિયાળ તો ખાઈ રહ્યું એટલે કૂદાકૂદ કરતું લાળી



કરવા લાગ્યું. આ જોઈ ઊંટે કહ્યું, ''અરે! તું રાડારાડ કરવી રહેવા દે, નહીંતર ખેડૂત અથવા તેનો કૂતરો આપણા હાડકાં ખોખરા કરી નાખશે.''

શિયાળ કહે, ''મામા, જો હું આવી કસરત ન કરું તો પેટમાં ગરબડ થાય છે અને ખાધું હોય તે ઉલટી થઈને બહાર નીકળી જાય છે.''

ઊંટ કહે, ''તે ખાઈ લીધું છે, પણ મારે ખાવાનું બાકી છે, માટે હું ખાઈ લઉં ત્યાં સુધી શાંતિ રાખ.''

''હું રાહ જોઈ શકું તેમ નથી. મને ઊબકા આવે છે.'' એમ કહીને શિયાળ તો વધારે અવાજ કરતું કૂદવા લાગ્યું.

શિયાળનો અવાજ સાંભળી કૂતરો હાઉ હાઉ કરતો દોડી આવ્યો. શિયાળ તો ગુપચુપ છીંડામાંથી બહાર નીકળી ગયું પણ ઊંટને બહાર નીકળવામાં વાર લાગી. કૂતરાએ આવીને ઊંટના પગે બચકાં ભરી લીધા અને ખેડૂતે આવીને ધડાધડ લાકડી મારી.

ઊંટ તો જેમ તેમ કરીને ભાગી નીકળ્યું બિચારાને શેરડી ખાવા જતાં માર પડયો.

ઊંટ બહાર નીકળ્યું ત્યારે શિયાળ ઊભું ઊભું હસતું હતું. તેણે પૂછ્યું, ''કેમ, મામા! શેરડી કેવી મીઠી હતી?''

ઊંટે કહ્યું, ''શેરડી તો મીઠી હતી, પણ તેં નિરાંતે ખાવા દીધી નહીં અને રાડો પાડીને બધો મેલ બગાડી નાખ્યો. મને તો શેરડી ઓછી ખાવા મળી અને માર વધારે ખાવા મળ્યો.''

''તમે ઝડપથી ખાવ નહિ તેમાં મારો શું વાંક'' એમ કહીને શિયાળ તો ચાલી નીકળ્યું.

આ શિયાળ લુચ્ચુ હતું. બીજાઓને હેરાન કરીને આનંદ પામતું હતું. ચાલતાં ચાલતાં તે બોલ્યું. ''ઊંટભાઈમાં અકકલ જ ક્યાંથી હોય? મોટું શરીર ખડકી દીધું છે એટલું જ. ઝડપથી ખાઈ શકે નહીં અને દોષ બીજાનો કાઢે.''

બે-ત્રણ દિવસ વીત્યા હશે ત્યાં આ શિયાળ ફરતું ફરતું, વળી પાછું તે જ ખેતર પાસે આવ્યું. તેને ફરી વખત શેરડી ખાવાનું મન થયું, પરંતુ ખેડુતે છીંડું પૂરી દીધુ હતું

એટલે શિયાળ વિચારમાં પડયું કે હવે શું કરવું?

એવામાં તેણે એક ગધેડાને નજીકમાં ચરતું જોયું. તેને જોતાં જ શિયાળને વિચાર આવ્યો કે, આની મદદ વડે ખેતરમાં જઇને શેરડી ખાઇ શકાશે.

તે તો પહોંચ્યું ગધેડા પાસે અને કહ્યું, ''કેમ છો મામા?''

ગધેડાએ કહ્યું, ''આવ, આવ, ભાણા! મજામાં છે ને ?''

શિયાળ કહે, ''હોવે, પણ તમે સુકું ઘાસ ખાવ છો તેના બદલે ચાલોને મીઠી મધ જેવી શેરડી ખાઇએ.''

ગધેડો કહે, ''શેરડી ખાઇશું કયાંથી?''

શિયાળ કહે, ''આ શેરડીના ખેતરમાંથી.''

ગધેડો કહે, ''પણ ખેતરમાં જઇશું કેવી રીતે? ત્યાં તો માલિક અને ડાઘિયો બંને હશે.''

શિયાળ કહે, ''માલિક નથી. કૂતરો છ. તેને આપણે છેતરી દઇશું. જો તમે આ વાડમાં છીંડું પાડીદો તો જવાનો રસ્તો થઇ જાય.''

ગધેડો કહે ''છીંડું તો પાડી દઉં, પણ કૂદરાનું શું?''

શિયાળ કહે, ''હું વાડીની બીજી તરફ જઇને લાળી કરું છું, એટલે કૂતરો ત્યાં આવશે. આ તક સાધી તમે અંદર જતા રહેજો. હું પછી આવી પહોંચીશ.''

ગધેડાએ કહ્યું, વાહ, ભાઇ, વાહ! યુક્તિ તો સરસ છે.''

યોજન મુજબ શિયાળે તો વાડની બીજી બાજુએ જઇને લાળી કરવા માંડી. અવાજ સાંભળીને કૂતરો તે તરફ દોડી ગયો. કૂતરાને જોઇને શિયાળ નાઠું.

શિયાળને નાસતું જોઇને કૂતરો થોડીવાર હાઉ હાઉ કરતો ઉભો રહ્યો. એટલી વારમાં ગધેડાએ પાછલા પગ વડે લાતો મારીને વાડમાં છીંડુ પાડી દીધું અને ખેતરમાં જઇને નિરાતે શેરડી ખાવા માંડી.

થોડી વારે શિયાળ પણ અંદર આવ્યું અને શેરડી ખાવા લાગ્યું

ગધેડો તો ચિંતા વગર નિરાંતે શેરડી ખાધે જાય છે, એવામાં શિયળે તો ઝટપટ શેરી ખાઇ લીધી અને કૂદાકૂદ કરતાં લાળી કરવા માંડી.

અવાજ સાંભળી ગધેડો ચોકયો. શિયાળને લાળી કરતું જોઇને તેણે કહ્યું, ''અલ્યા, રાગડા તાણવાનું બંધ કર. જો પેલો કાકો આવી પહોંચશે તો જોયા જેવી કરશે.''

શિયાળ કહે, 'મારે ખાધા પછી આવી કસરત કરવાની ટેવ છે, એટલે મારાથી શાંત રહી શકાશે નહીં. તમે ઝડપથી બહાર નીકળી જાવ.'

ગધેડો કહે, ''હું શાંતિથી ખાવા આવ્યો છું. મેં હજુ ખાવાની શરૂઆત જ કરી છે ત્યાં તું બધી મજા બગાડી મૂકે છે.''

શિયાળ કહે, ''એમાં હું શું કરું? ટેવ પડી છે તે ટળતી નથી. થોડા દિવસો પહેલા એક ઊંટ મારી સાથે ખાવા આવ્યું હતું. તે ઝડપથી ખાઇ શકયું નહીં અને મારા અવાજથી કૂતરો અને ખેડુત આવી પહોંચતા તેને માર ખાવો પડયો હતો.''

ગધેડો કહે, ''આવી રીતે બીજાને નુકસાન કરે તેવું વર્તન સારું ન કહેવાય, માટે તને કહું છું કે, ''અવાજ કરવાનું બંધ કર અને મને શાંતિથી ખાવા દે.''

શિયાળ કહે, ''મામા, પડી ટેવ તે કેમ ટળે? હું પ્રયત્ન કરું તો પણ મારાથી શાંત રહી શકાશે નહીં.''

આ સાંભળી ગુસ્સે થયેલા ગધેડાએ પોતાના પાછલા પગની એક લાત શિયાળને લગાવી દીધી અને કહ્યું, ''પડી ટેવ આમ ટળે.''

ગધેડાંના પાછલા પગની લાત અને તે પણ ગુસ્સામાં લગાવેલી એટલે તેમાં શી મણા હોય?

એક જ લાતથી શિયાળ ઊછળીને વાડની બહાર ફેંકાઇ ગયું. તેને તમ્મર ચડી ગયાં, મુખના દાંત તૂટી ગયાં અને તેમાંથી લોહી વહેવા લાગ્યું.

શિયાળની લાળીને અવાજ સાંભળીને આવેલો કૂતરો ગધેડાને જોઇને તેની પાછળ પડયો, પરંતુ ગધેડાએ લાત ઉલાળી એટલે કૂતરો ડરીને અટકી ગયો. એટલી વારમાં ગધેડો છીંડામાંથી નાસી ગયો.

ગધેડાની લાત વાગતા શિયાળ ઊલડીને જયાં પડયું ત્યાં પેલું ઊંટ ચરતું હતું. ઘાયલ શિયાળને દેખી તેણે પૂછયું, ''કા, ભાણાભાઇ! શેરડીનો રસ કેવો મીઠો લાગ્યો?''

નાસી રહેલા ગધેડાએ આ સાંભળીને હોં...ચી હોં...ચી કરી આનંદથી કૂદાકૂદ કરી મૂકી.

શિયાળની બોબડી બંધ થઇ ગઇ.

# ઉલટ-પુલટ

**અહીં બોકસમાં પ્રસિધ્ધ નામો આપેલ છે. તે કયાં કયાં છે? શોધિને ખાલી બોકસમાં લખો.**

(૧)

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| સે | નં | વા | દિ | મૂ | ષે | ર્તિ | ણ |

જવાબ :-

(૨)

| | | | | |
|---|---|---|---|---|
| વ | શ્રી | જ | મી | સ્વા |

જવાબ :-

(૩)

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| પું | કું | ડ | ડ | રિ | રિ | ક | ક |

જવાબ :-

(૪)

| | | | | |
|---|---|---|---|---|
| મ | વિ | લ | થ | ના |

જવાબ :-

(૫)

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ય | સા | ક | ક | રી | શૌ | લ | કા |

જવાબ :-

(૬)

| | | | | |
|---|---|---|---|---|
| ર | ધ | શ્રી | મં | સિ |

જવાબ :-

(૭)

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ર | ઢા | અ | પ | પા | ક | ન | સ્થા |

જવાબ :-

(૮)

| | | | | |
|---|---|---|---|---|
| પં | ન | જ્ઞા | મી | ચ |

જવાબ :-

(૯)

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ત | હું | રિ | અ | ત્માં | માં | ર | પ |

જવાબ :-

(૧૦)

| | | | | |
|---|---|---|---|---|
| ર | શ્વે | લે | મ | વિ |

જવાબ :-

જવાબ પાના નં. ૩૧૦ પર


## જૈન શાસનનાં ગ્રાહકોને ખાસ વિનંતિ

આપનું સરનામું જો બદલેલ હોય તો તુરતજ ગ્રાહક નં. સાથે નવું સરનામું મોકલવા વિનંતિ છે. જેથી આપને નવા સરનામે અંકો મોકલી શકીએ. અંકો ન મળે તો તુરતજ જાણ કરશોજી.

**સરનામું :** જૈન શાસન કાર્યાલય, શ્રુત જ્ઞાન ભવન, ૪૫-દિગ્વિજય પ્લોટ, જામનગર-૩૬૧૦૦૫ ફોન : ૨૭૭૦૯૬૩

# સમાચાર સાર

**પાટણ - (ઉ. ગુજરાત):**

અત્રે પરમ પૂજ્ય યુવા હૃદય સમ્રાટ આચાર્ય દેવશ્રી વિજય હેમરત્ન સૂરીશ્વરજી મ. ની શુભ નિશ્રામાં શ્રી પંચાશરા પાર્શ્વનાથ જિનાલય નો સુવર્ણ જયંતિ મહોત્સવ મા. સુ. ૧૪ થી મા. વ. ૪ સુધી ખૂબ જ ભવ્યાતિભવ્ય રીતે શાસન પ્રભાવક રીતે ઉજવાયો.

પાટણના સમસ્ત જિનાલયોમાં દરેક પ્રભુજીને એક જ સાથે અઢાર-અભિષેક કરાવવામાં આવેલ. પાંચેય દિવસ સંઘ સ્વામિ વાત્સલ્ય થયેલ.

જિન મંદિરની મહાપૂજા ખુબ જ ઠાઠ પૂર્વક થયેલ. દરરોજ પૂજ્યશ્રીના પ્રવચનો સુંદર રીતે થયેલ. જલયાત્રાનો વરઘોડો ભવ્ય રીતે ચડેલ.

બૃહદ્ શાંતિ-સ્નાત્ર ઠાઠમાઠથી ભણાવાયેલ. જીવદયાની ટીપ પણ સારી થયેલ હતી. મહોત્સવના વિધિ-વિધાન જામનગરના સુપ્રસિધ્ધ ક્રિયાકારક નવીનચંદ્ર બાબુલાલ શાહની મંડળીએ સુંદર રીતે કરાવેલ. સંગીતમાં આશુતોષ વ્યાસ-અનુપમ જલોટા તથા નિકેશ સંઘવી તથા અરિહંત આરાધક મંડળ-કલકતા આદિ આવતા ખૂબજ સુંદર જમાવટ થયેલ હતી. પાંચેય દિવસ મુંબઇ ગોડીજીનું સ્વયંસેવક બેન્ક મંડળ પધારેલ. તથા એલર્ટ ગ્રુપે સારી સેવા આપેલ. મહોત્સવ ખૂબજ ભવ્યતા પૂર્વક ઉજવાયેલ. બહારગામથી પાટણના વતનીઓ સારી સંખ્યામાં પધારેલ હતા.

**બેંગલોર-બસવેશ્વર નગરમાં ચાતુર્માસ નિર્ણય**

અત્રે ૨૦૬૧ના ચાતુર્માસ માટે પૂ. આ. ભ. શ્રી વિજય જિત મૃગાંક સૂરીશ્વરજી મ. ના શિષ્ય પૂ. વિદ્વાન પં. શ્રી ભદ્રાનંદ વિજયજી ગણિવરના પ્રશિષ્ય તથા શિષ્ય પૂ. મુનિરાજશ્રી મુક્તિધન વિજયજી મ. તથા પૂ. મુનિરાજશ્રી પુણ્યધન વિજયજી મ.નું ચાતુર્માસ પૂ. આ. ભ. શ્રી વિજય હેમભૂષણ સૂરીશ્વરજી મ. ની આજ્ઞાથી નકી થયું છે. તેઓશ્રી નાસિક થઇને બેંગલોર પધારશે.

**હરિઓનગર - મુલુંડઃ પ્રભુ પ્રવેશ તથા ઉપાશ્રયોનું ઉદ્‌ઘાટન**

શ્રી ઓસવાળ તપાગચ્છ જૈન પ્રભાવક ટ્રસ્ટ ઉપક્રમે તૈયાર થયેલ દેરાસરમાં શ્રી શ્રેયાંસનાથજી પ્રભુજી આદિનો પ્રવેશ તથા શ્રી સેવંતીભાઇ શાંતિભાઇ કપાસી અને શ્રી ઇન્દુભાઇ શાંતિભાઇ કપાસી વતી આરાધના ભવન તૈયાર થતાં તેમના હાથે ઉદ્‌ઘાટન પૂ. આ. ભ. શ્રી વિજયલલિતશેખર સૂરીશ્વરજી મ. આદિ તથા પૂ. પ્રવર્તક મુનિરાજશ્રી યોગીન્દ્ર વિજયજી મ. આદિની નિશ્રામાં પોષ સુદ-૧૩ રવિવાર તા. ૨૩-૧-૨૦૦૫ના ઠાઠથી રાખવામાં આવેલ છે. પ્રભુ પ્રવેશ બાદ તથા ઉદ્‌ઘાટન બાદ પ્રભાવના તથા દાતાઓનું બહુમાન તથા સ્વામિવાત્સલ્યનું આયોજન થયું છે.

**જામનગર** : ઇન્દિરા રોડ ઓસવાળ આવાસ પાસે શાહ મેઘજી સામત ધનાણી ચેલાવાળા - લંડન તરફથી દેરાસરનું કામ શ્રી હા. વી. ઓ. તપા. જૈન ઉપાશ્રય અને ધર્મસ્થાનક ટ્રસ્ટ દિગ્વિજય પ્લોટ દ્વારા તૈયાર થઇ જતાં તેમના તથા શ્રી હંશરાજ પદમશી મેરગ તથા શ્રીમતી ઝવીબેન વેરશી તથા શ્રીમતી રંભાબેન મગનલાલના પ્રભુજી જે ત્યાં પધારવવાના છે તે શંખેશ્વરથી આવી જતાં શાહ હંશરાજ પદમશી ગોસરાણી તથા શ્રીમતી પુષ્પાબેન હંશરાજ નાઇરોબીથી દેશમાં આવતાં માગશર વદ-૩ મંગળવાર તા. ૧૪-૧૨ના ધામધૂમથી પ્રવેશ કરાવાયો હતો. પૂ. મુ. શ્રી દિવ્યાનંદ વિજયજી મ., પૂ. પં. શ્રી ભવ્યરત્ન વિજયજી ગણિવર તથા પૂ. મુ. શ્રી તીર્થ દર્શન વિજયજી મ. તેમજ પૂ. સા. શ્રી ઇન્દ્રપ્રભાશ્રીજી મ. આદિ પધાર્યા હતા. પ્રવેશ વિધિ થયા પછી શાહ મેઘજી સામત ધનાણી આરતી ૭૫૧ મણ તથા શાહ હંશરાજ પદમશી મંગળ દીવો ૧૦૦૧ મણ લાભ લઇ ઉતારેલ. બાદ ઉપાશ્રયમાં માંગલિક પ્રવચન થયું. પ્રભાવના થઇ અને આવેલ ૨૫૦ જેટલા ભાવિકોને સુકું ભાતુ પુષ્પાબેન તરફથી અપાયું.

**જામનગર :** અત્રે શ્રી શાંતિભવન તપગચ્છ ઉપાશ્રયે પ. પૂ. પ્રશાંતપર્વા પૂ. આચાર્ય દેવશ્રી જયંતશેખર સૂરીશ્વરજી મ. સા. ના પરમ વિનેય તપસ્વી શિષ્યરત્ન પ્રવચન પ્રભાવક પૂ. મુનિરાજ દિવ્યાનંદ વિજયજી મ.સા. ની વર્ધમાન તપની ૧૦૦+૧૦૦+૫૦ ઓળીઓની મંગલમય પૂર્ણાહુતિ નિમિત્તે પ. પૂ. તપસ્વી રત્ન પન્યાસ પ્રવરશ્રી જિનસેન વિજયજી ગણિવર્ય, પ. પૂ. સ્વાધ્યાય પ્રેમી પૂ. પં. શ્રી ભવ્યરત્ન વિજયજી ગણિવર્ય, પ. પૂ. પ્રશાંતમૂર્તિ પં. શ્રી મનમોહન વિજયજી ગણિવર્ય, પ. પૂ. મુનિરાજ શ્રી હેમપ્રભ વિજયજી મ. સા. ની શુભ નિશ્રામાં શ્રી દિવ્યાનંદ મ. સા., પ. પૂ. મુ. કમલસેન વિજયજી મ. સા., પ. પૂ. ગણિવર્ય અષ્ટાહ્નિકા જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ મા. સુ. ૭ થી ભવ્યતાથી ઉજવાયો, મા. સુ. ૮ ને રવિવારે સવારે વ્યાખ્યાન તથા પૂ. આ. દે. શ્રી

જંબુસૂરીશ્વરજી મ. સા. તથા પૂ. આ. શ્રી જયંતશેખર સૂરીશ્વરજી મ.સા. ની સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે ગુણાનુંવાદ કરવામાં આવ્યા. બપોરે વિજય મૂહૂર્તે ઝવેરી હરિલાલ લક્ષ્મીચંદ તરફથી શ્રી બૃહદસિધ્ધિતપ મહાપૂજન ઠાઠથી ભણાવાયું, બાદ લાડુની પ્રભાવના થઇ. મા. સુ. ૧૦ના જલયાત્રાનો વરઘોડો ખૂબ ભવ્યતાથી નિકળ્યો. અમદાવાદથી મિલન બેન્ડ આવતા જમાવટ સારી થઇ. મહા. સુ. ૧૨ના પૂજ્યશ્રીને પારણાના દિવસે સવારે ૭-૦૦ વાગ્યે વાજતે ગાજતે નીકળી ગીરનારી બ્રાહ્મણની વાડીએ શેઠ પ્રાણલાલ પદમશી પરીવારની વિનંતીથી પધાર્યા. ત્યાં ગુરુ પૂજન આદિ થયું. બાદ તેમના તરફથી તથા જુદા-જુદા ભાવિકો તરફથી ૧૭ રૂપિયાનું સંઘ પૂજન થયું. બપોરે શ્રી શાંતિ ભુવન તપગચ્છ સંઘનું સ્વામિવાત્સલ્ય થયુ. સવારે ૯-૩૦ કલાકે શ્રી બૃહદ અસ્તોતરી શાંતિસ્નાત્ર ગુરુભકત પરીવાર તરફથી ઠાઠથી ભણાવાયું. બાદ અડદીયાની પ્રભાવના થઇ. જીવદયાની ટીપ સુંદર થવા પામી. મા. સુ. ૧૪ ના સવારે વ્યાખયાનમાં પૂ. આ. શ્રી હિમાંશુ સૂરીશ્વરજી મ. સા. ની સ્વર્ગારોહણ તથા ગુણાનુંવાદ કરવામાં આવ્યા. દરરોજ પ્રભુજીને ભવ્ય આંગી રચવામાં આવી હતી. શ્રી દિવ્યભક્તિ મંડળના બાળકોએ રંગોળીની રચના તથા સમોવરસણની રચના કરેલ. વિવિ વિધાન શ્રી નવીનચંદ્ર બાબુલાલ શાહની મંડળીએ સુંદર રીતે કરાવેલ. સંગીતમાં મધુકાંત મનહરલાલ ઝવેરી તથા વિક્રમ શાંતિલાલ મહેતાએ સુંદર જમાવટ કરી. વ્યાખ્યાનમાં દરરોજ સુકા મેવા તથા ખજૂર આદિની પ્રભાવના થઇ.

**બડૌદા :** પ. પૂ. વર્ધમાન તપોનધિ આચાર્ય દેવ શ્રીમદ્ વિજય કમલરત્ન સૂરીશ્વરજી મ. સા. ના શિષ્ય રત્ન પ્રવચન પ્રભાવક પૂજ્ય આચાર્ય દેવ શ્રીમદ વિજય દર્શનરત્ન સૂરીશ્વરજી મ. સા. ની શુભ નિશ્રામાં ઉપધાનો થયેલ. તેમાં કેસરીમલજી, છોટાલાલજી, લીલાબેન, પુષ્પાબેન, અંજનાબેન, ઉર્મિલાબેન, ચંચલબેન, શકુન્તલાબેન, ચન્દ્રકાન્તાબેન, ચન્દ્રમણીબેન, વિજયલક્ષ્મીબેન, વસન્તીબેન, રમિલાબેન, કાન્તાબેન, સુભદ્રાબેન, સિંઘવી કમલાબેન, લલિતાબેન, કોદરીબેન, વિમલાબેન, કમલાબેન શાહ, ઉમિયાબેન, સલુબેન આદિએ ભાગ લીધેલ. બધી માલાઓની બોલી બોલાયેલ. કાર્તિક વદ ૯ સોમવાર, તા. ૬-૧૨-૦૪ ના દિવસે અત્રે પાર્શ્વનાથ પ્રભુ તથા નેમિનાથ પ્રભુની પ્રતિષ્ઠા થયેલ. તારીખ ૭-૧૨-૦૪ ના દિવસે બન્ને મંદિરોમાં ૧૮ અભિષેક થયેલ. કાર્તિક વદ ૧૧ તા. ૮-૧૨-૦૪ ના દિવસે સવારે શાંતિસ્નાત્ર મહાપૂજન તથા બપોરે માલાનો વરઘોડો ચડેલ. બન્ને દિવસે સાંજે સ્વામિ વાસ્ત્લ્ય થયેલ. કાર્તિક વદ ૧૨ તા. ૯-૧૨-૦૪ ના દિવસે સવારે ઉપધાન માલા રોપણ વિધીનો પ્રારંભ થયેલ.

# ઈહલોક વિરૂધ્ધના ૧૧ કાર્યો

(૧) કોઈની નીંદા કરવી નહિં. નીંદા એટલે કોઈની ખરાબ વાત તેને તુચ્છ બનાવવા બીજાને કરવી.

અત્યારે કેટલાય માણસો પોતાની નીંદા સહન નથી કરતા પણ દેવગુરુ ધર્મની નિંદા સાંભળે ત્યારે ''કરેગા સો ભરેગા'' કહે છે. ઉપકારીની તેમજ દેવગુરુ ધર્મની નિંદા સહન ન કરવી પણ પોતાની નિંદા તો સહન કરવી.

(૨) ગુણથી ભરેલાની વિશેષ પ્રકારે નિંદા ન કરવી.

(૩) જે ધર્મ કરે તેની મશ્કરી ન કરવી.

ધર્મ કરે પણ અજ્ઞાન હોય તો તેની હાંસી ન કરવી.

(૪) લોકમાં જે પુજનીક હોય તેની હિલના-અવહિલના ન કરવી. તેમ કરવાથી લોકોમાં અપ્રિતિ પણ થવાય છે. વાતવાતમાં તેનું ખરાબ બોલવું તે અવહિલના છે. મોકો મળે તો સમજદારને જરૂર સમજાવવું પરંતુ મુર્ખને નહિ.

(૫) જે બહુ લોકોથી વિરૂધ્ધ હોય એની સોબત કરવી નહિ.

(૬) જે દેશારવર ધર્મથી વિરૂધ્ધ ન હોય તેનું ઉલ્લંઘન ન કરવું.

(૭) ખરાબ લાગે તેવી તેમજ શક્તિથી વધારે મોજ-મઝા ન ઉડાવવી.

(૮) જે પોતે દેવાવાર હોય તેને કયારે પણ જાહેરમાં દાન આપવું નહિ.

(૯) આપણા દાનાદિ ગુણો આપણે પ્રગટ ન કરવા.


(૧૦) સાધુ પુરુષ ઉપર આપત્તિ આવે તેમાં આનંદ ન આવવવો જોઇએ. સાધુ પુરુષ માં સજ્જનો પણ આવી ગયા.

(૧૧) સાધુ પુરુષ ઉપર આપત્તિ આવે તો તેને દૂર કરવાનું સામર્થ્ય હોય તો તે દૂર કરવી.


આ અગિયાર કાર્ય કરવાથી ઇહલોક વિરૂધ્ધનો *ત્યાગ થાશે.*

- પ્રજ્ઞાવિ


ભગવાન મહાવીર લોક ભાષામાં તેમનો ઉપદેશ દેતા હતા. મોટા મોટા સમ્રાટ અને શ્રેષ્ઠિયોંની સાથે સામાન્ય વ્યક્તિ અને શ્રમિક, સ્ત્રિઓ બધી જાતિ અને ધર્મના લોકો તેમની વાણી સાંભળતા અને અહિંસા, સત્ય અને સદાચારનો નિયમ ગ્રહણ કરતા.




તીર્થંકર જીવનના બેતાલીસ વર્ષમાં ભગવાન મહાવીરે પાવાપુરીના રાજા હસ્તીપાલની પ્રાર્થના ઉપર તેમની રજ્જુક સભામાં વર્ષાવાસ કર્યો.




એક દિવસ તેમનો અંતિમ સમય નજીક જાણી ભગવાને વિચાર્યું.



# પરિમલ

- પૂ. આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા

* શ્રી જિનેશ્વરદેવોએ કહેલા જે તત્ત્વો તેનો યથાર્થ પરિચય કરવો તે પરમાર્થ પરિચય છે. અર્થ એટલે જીવાદિ પદાર્થો તેનો પરિચય કરવાનું મન થાય ને? જો તમે આ સમજ્યા હોત તો આજે જે વાદ-વિવાદ ચાલે છે. જે જે પ્રશ્નો ઊઠે છે તે બધાનું સમાધાન થઇ ગયું હોત. જેને જેને તમારા ગુરુ માનતા હો તેમને વિનય પૂર્વક પૂછતા અને સમજતા થયા હોત તો એક વિવાદ જીવતો ન રહે તે ! તત્ત્વોની શ્રદ્ધા થાય તેને સમજવાનું મન ન થાય તેમ બને ખરું ? પહેલી બે સદ્દહણા વાળાને સાચા ખોટાનો વિવેક કરવાનું મન થાય. સમજ્યા પછી સાચાનો સ્વીકાર અને ખોટાનો ત્યાગ કર્યા વિના ન જ રહે. જો તમે આવા હોત તો તમારા ગુરુઓ પણ સાવધ થઇ જાય. તેઓ પણ સમજી જાય કે, શાસનમાં કોઇ પણ નવી વાત ઊભી થશે તો આ જરૂર પૂછવા આવશે કે - ''સાહેબ ! આ વાતમાં શાસ્ત્ર શું કહે છે ''? પૂછવા આવે ત્યારે ગુરુથી એમ તો ન જ કહી શકાય કે - ''તું શું સમજે ? તારે શી પંચાત ? તને મારા પર વિશ્વાસ નથી ? એમ પણ ગુરુ ન કહે. તમારે શું કરવું છે ?
* પ્રશંસા બધાની ન થાય, પ્રશંસનીય-વ્યકિતમાં રહેલી ખામી પણ યોગ્ય રીતે બતાવતા આવડતી હોય, તો જ એની જાહેરમાં પ્રશંસા થાય. અનુમોદના અને પ્રશંસા ફેર છે. અનુમોદના આંતરિક-પરિણામ છે. અનુમોદના હજી ઘણા બધાની થઇ શકે. પણ પ્રશંસા તો ઘણા બધાની ન જ થાય. કેમકે આ પ્રશંસા તો જાહેરમાં કરવાની ચીજ છે.
* તપ તો સાધુપણની શોભા છે. સાધુપણાનો શણગાર ૧૨ પ્રકારનો તપ છે. તપ વિનાનો સાધુ એટલે પ્રાણ વિનાનું હાડપિંજર ! તપ ન હોય તો સાધુપણું લજ્જિત બને.
* વ્યવહારનય હજી નિશ્ચયનય વિના અનતકાળ રહી શકે, પરંતુ નિશ્ચયનય વ્યવહારનય વિના થોડો સમય પણ ન રહી શકે.
* લોકપંકિત એટલે લોકરંજન માટે જ ધર્મ કરનારા જીવો કરતા અનાભોગથી ધર્મ કરનારા જીવો ઓછા વખોડવા લાયક ગણાય. કેમકે અનાભોગથી ધર્મ કરનારાના હૈયામાં ધર્મ જેવી મહાન ચીજ પ્રત્યે હીનભાવ નથી. એની ધર્મપ્રવૃતિ વિચારણા રહિત હોવાથી જ નિષ્ફળ જાય છે. જ્યારે લોકરંજન માટે ધર્મ કરનારો તો ધર્મનું મૂલ્ય સાવ ઓછું આંકવા દ્વારા ધર્મની આશાતના કરનારો બને છે. માટે એ વધુ વખોડવા લાયક છે.
* સર્વ બાજુઓથી અને સર્વ રીતે જે સિદ્ધ થઇ શકે, એનું નામ સિદ્ધાંત, સિદ્ધાંત ત્રણે કાળમાં અકાટ્ય હોય.
* સારી પણ ચીજનો ખરાબ હેતુઓની સિદ્ધિ માટે ઉપયોગ કરવો, એ મોટામાં મોટું પાપ હોય.

જૈન શાસન અઠવાડીક ● માલિક : શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/o. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતા - ગેલેક્સી ક્રિએશનમાંથી
છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.